# ગુરુ દર્શન

[ સુગુરુનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૫ :

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ પાંચમું.

# ગુરુ દર્શન

## [ સુગુરુનું સ્વરૂપ ]

: લેખક :

' જિનભક્ત '

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વડફલીઆ-વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાળા
રાવપુરા-વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

દશ આના

વિ. સં. ૨૦૦૭ અક્ષયતૃતીયા.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ-ભાવનગર.

# વિષયાનુક્રમ.


૧ ગુરુનું મહત્ત્વ.

ગુરુનો વિનય કરવા સંબંધી રાજા શ્રેણિકનું દૃષ્ટાંત.

ગુરુનું સ્થાન.

શ્રેષ્ઠિપુત્ર કમલનું દૃષ્ટાંત.

[ ચાર પુત્રવધૂઓનું દૃષ્ટાંત ]

૨ કુગુરુ.

ઠણુઠણુપાલનું દૃષ્ટાંત.

વાંઝણી ગાયને ખરીદનારા મુગ્ધ મનુષ્યનું દૃષ્ટાંત.

'બાવો બેઠો જપે અને જે આવે તે ખપે.'

'રામનામ જપના, પરાયા માલ અપના.'

'નામ ધરાવે ગુરુ, કામ કરે બૂરું.'

૭ પ્રકારના કુગુરુઓ.

કુગુરુની વ્યાખ્યા.

૩ સદ્દગુરુ.

૭ પ્રકારના સદ્દગુરુઓ.

સદ્દગુરુની વ્યાખ્યા.

મહાવ્રતોને ધારણ કરનારા.
મહામુનિ મેતાર્યનું દૃષ્ટાંત.
સહનશીલ.
વૃદ્ધપુત્રનું દૃષ્ટાંત.
ભિક્ષા ઉપર જીવનારા.
મુનિ અષાઢાભૂતિનું દૃષ્ટાંત.
સામાયિકમાં રહેનારા.
ધર્મનો ઉપદેશ કરનારા.
અનવસ્થિત ચિત્ર ઉપર ગોમતી ડોશીનું દૃષ્ટાંત.
બહેરા કુટુંબનું દૃષ્ટાંત.
ઉપસંહાર

: ૧ :

# ગુરુદર્શન

## ગુરુનું મહત્ત્વ.

એકડો ઘુંટવા માટે ગુરુની જરૂર પડે છે; કક્કો અને બારાખડી શીખવા માટે પણ ગુરુની જરૂર પડે છે; લેખાં, વ્યાજ અને નામું શીખવા માટે પણ ગુરુની જરૂર છે; તે જ રીતે સાહિત્ય, સંગીત કે વિવિધ કલાઓનું જ્ઞાન મેળવવા માટે પણ ગુરુની જરૂર પડે છે. પુરુષની બહોંતેર કલા અને સ્ત્રીની ચોસઠ કલાનું જ્ઞાન કાબેલ ગુરુ વિના પ્રાપ્ત થઇ શકતું નથી.

કેટલાક મનુષ્યો પોતાની મેળે પુસ્તકો વાંચીને કે જોઇ જોઇને પણ જ્ઞાનની પ્રાપ્તિ કરે છે; પરંતુ તેવું જ્ઞાન પદ્ધતિસરનું કે ધોરણસરનું નહિ હોવાથી જોઇએ તેવું વિશદ હોતું નથી. તેથી જ અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'જાર પુરુષથી ઉત્પન્ન

થયેલો પુત્ર જેમ શોભાને ધારણ કરતો નથી, તેમ આપમેળે પ્રાપ્ત કરેલું જ્ઞાન શોભાને ધારણ કરતું નથી.'

ગુરુપદનું મહત્ત્વ ભારતવર્ષના નીતિકારોએ કેવું આંક્યું છે, તેનો ખ્યાલ નીચેના શ્લોકો પરથી આવી શકશે.

**एकमप्यक्षरं यस्तु, गुरुः शिष्यं निवेदयेत् ।**
**पृथिव्यां नास्ति तद्द्रव्यं, यत् प्रदानायानृणीभवेत् ॥**

જે ગુરુ શિષ્યને એક જ અક્ષર બતાવે છે, તેનું ઋણ આ પૃથ્વીના કોઈ પણ દ્રવ્યથી વળી શકતું નથી.

તેમજ–

**एकाक्षरप्रदातारं, यो गुरुर्नाभिमन्यते ।**
**स श्वयोनिशतं गत्वा, चाण्डालेष्वपि जायते ॥**

જે એક પણ અક્ષરનું જ્ઞાન આપનારને ગુરુ માનતો નથી, તે સો વાર કૂતરાનો અવતાર લઈને પાછો ચાંડાલોને ત્યાં જન્મે છે. તાત્પર્ય કે–જ્ઞાન આપનાર ગુરુને ભૂલી જવા કે તેમના પ્રત્યેની માનવૃત્તિ અંતરમાંથી ઓછી કરવી એ મહાદુર્ગતિનું કારણ છે.

જ્ઞાન કે વિદ્યાની પ્રાપ્તિ ગુરુના યોગ્ય વિનય વિના થઈ શકતી નથી. તે સંબંધી રાજા શ્રેણિકનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

## ગુરુનો વિનય કરવા સંબંધી

### રાજા શ્રેણિકનું દૃષ્ટાંત

રાજગૃહી નગરીમાં એક વિદ્યાસિદ્ધ માતંગ રહેતો હતો. તેની સ્ત્રીને એક વાર અકાળે કેરી ખાવાની ઇચ્છા થઈ, તેથી

તેણે પતિને કહ્યું કે 'હે સ્વામીનાથ ! મને કેરી ખાવાનું ઘણું મન થયું છે, માટે સુંદર કેરી લાવી આપો.' માતંગે કહ્યું: 'અરે ગાંડી ! આ ઋતુમાં કેરી કેવી ? એ તો ઋતુનાં ફલ ઋતુએ જ મળે.' સ્ત્રીએ કહ્યું: 'રાણી ચેલ્લણાના બાગમાં છ યે ઋતુનાં ફલ પાકે છે. ત્યાંથી કેરી મળી શકશે.' તે સાંભળીને માતંગ રાત્રિના સમયે તે બાગની પાસે ગયો. આ બાગ સદા ફલ-ફૂલ આપનારાં અનેક વૃક્ષોથી સુશોભિત હતો અને રાણી ચેલ્લણાને અતિ પ્રિય હતો. તે સદા ફૂલ આપનારાં વૃક્ષો પરથી વિવિધ રંગનાં ફૂલો જયણાપૂર્વક ચૂંટતી અને તેના વડે રોજ શ્રી વીતરાગદેવની પૂજા કરતી.

માતંગ આ બાગમાં ઊગેલાં વૃક્ષોને ધારી ધારીને જોવા લાગ્યો, ત્યાં પાકેલી કેરીઓવાળું એક મહાન આમ્રવૃક્ષ તેના જોવામાં આવ્યું. પરંતુ તે ઘણું ઊંચું હતું. એટલે માતંગે અવનામિની વિદ્યા વડે તેની ડાળીઓને નીચી નમાવી દીધી અને તેના પર જે કેરીઓ પાકી હતી, તે તોડી લીધી.

પ્રાતઃકાલ થતાં રાણી ચેલ્લણા હાથમાં ફૂલની છાબડી લઈને પુષ્પો ચૂંટવાને નીકળ્યા. તે વખતે પેલા આમ્રવૃક્ષની ડાળીઓ કેરી વિનાની જોવામાં આવી, આથી તેઓ વિચારમાં પડી ગયા કે 'આવા સુરક્ષિત બાગમાં રાત્રે કોણ આવ્યું હશે અને તેણે કેવી રીતે આ કેરીઓ ચોરી હશે ?' પછી એ વાત તેણે રાજા શ્રેણિકને કહી એટલે રાજા શ્રેણિકે મંત્રીશ્વર અભયકુમારને બોલાવીને જણાવ્યું કે 'આજ રાત્રે આપણા બાગમાં કોઈક ચોરે પ્રવેશ કર્યો છે અને કેરીઓ તોડી લીધી છે, પરંતુ તે એટલો બધો ચાલાક છે કે તેનું એક પણ પગલું પડવા દીધું

નથી. આવો ચોર કોઈ વાર અંતઃપુરમાં પણ પ્રવેશ કરી શકે. માટે તેને શોધીને મારી આગળ હાજર કરો.' મંત્રીશ્વર અભયકુમારે રાજા શ્રેણિકની આ આજ્ઞા માથે ચડાવી.

ચોરની શોધમાં મશગૂલ બનેલા મંત્રીશ્વર એક વાર ફરતાં ફરતાં નગરજનો તરફથી નાટક થતું હતું ત્યાં જઇ પહોંચ્યા અને નાટકને શરુ થવાની વાર હતી તે જોઈને બોલ્યા કે 'હે નગરજનો ! જ્યાં સુધી નાટક કરનારા નટો આવ્યા નથી ત્યાં સુધી હું એક વાત કહું તે સાંભળો.

વસંતપુરમાં જીર્ણ નામે શેઠ હતો. તેને એક રૂપવતી કન્યા હતી. આ કન્યા મોટી થવાથી ઈચ્છિત વરને મેળવવા માટે રોજ કામદેવની પૂજા કરવા જતી, પરંતુ તે વખતે પૂજામાં જે પુષ્પો જોઇએ તે કોઈ બાગમાંથી ચોરી લાવતી. હવે એક વખત બાગના માળીએ તેને પુષ્પો ચોરતાં પકડી પાડી અને તેનું મનોહર રૂપ જોઇને તેની આગળ અનુચિત માગણી કરી. તે વખતે પેલી બાળાએ કહ્યું: 'અરે માળી ! તું મને અડકીશ નહિં. હું હજી કુંવારી છું અને પુરુષના સ્પર્શને યોગ્ય નથી.' તે સાંભળીને માળીએ કહ્યું કે 'જો એમજ હોય તો હે બાળા ! તું વચન આપ કે પરણીને પહેલી રાત્રીએ તું મારી પાસે આવીશ.' પેલી બાળાએ પોતાનું કૌમારવ્રત અક્ષત રાખવાને તે પ્રમાણે વચન આપ્યું અને માળીના પંજામાંથી મુક્ત થઈ.

હવે સમય જતાં તે બાળાનાં એક ઉત્તમ પતિ સાથે લગ્ન થયાં. રાત્રે તે વાસગૃહમાં ગઈ ત્યારે તેણે પતિને કહ્યું કે 'હે આર્યપુત્ર ! કારણવશાત્ મારે એક માળીને એવું વચન આપવું

પડ્યું છે કે પરણ્યા પછી પહેલી રાત્રીએ તારી પાસે આવીશ; માટે મને આજ્ઞા આપો તો તેની પાસે જઇ આવું. એક વાર આ પ્રતિજ્ઞા પૂર્ણ કરી લઉં એટલે કાયમ હું તમારે જ આધીન છું.' તેનાં આવાં વચનો સાંભળીને પતિને લાગ્યું કે 'આ બાળા શુદ્ધ હૃદયવાળી અને વચનને પાળનારી છે.' એટલે તેણે જવાની રજા આપી.

માળીને મળવા માટે જઇ રહેલી તે બાળાને રસ્તામાં કેટલાક ચોરો મળ્યા અને તેમણે એને વિવિધ અલંકારોથી વિભૂષિત જોઇને રોકી લીધી. એટલે તે બાળાએ તેમને માળીવાળી વાત કહી સંભળાવી અને જણાવ્યું કે 'હે ભાઇઓ! જ્યારે હું પાછી ફરું ત્યારે મારાં આભૂષણો ખુશીથી લઇ લેજો.' ચોરોએ તેને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણીને જવા દીધી.

અહીંથી આગળ વધતાં એક ક્ષુધાતુર રાક્ષસ સામે મળ્યો જે એને ખાઇ જવાને તૈયાર થયો. ત્યારે તે બાળાએ તેને પણ માળીવાળી વાત કહી સંભળાવી અને 'વળતી વખતે ખુશીથી ભક્ષણ કરજે.' એમ જણાવ્યું. એટલે રાક્ષસે પણ તેને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણીને જવા દીધી.

હવે તે બાળા પેલા બગીચામાં પહોંચી અને માળીને જગાડીને કહ્યું કે 'હું પેલી પુષ્પો ચોરનારી બાળા છું કે જે લગ્ન કરીને પહેલી જ રાત્રે તારી પાસે આવી છું.' આ વચનો સાંભળતાં જ માળીને તેની સત્યપ્રિયતા અને ટેક માટે અત્યંત માન થયું, તેથી એને માતા ગણીને પ્રણામ કર્યા અને વચનથી મુક્ત કરી. અહીંથી પાછાં ફરતાં તે બાળા પેલા રાક્ષસને

મળી અને તેને માળી સાથે જે કાંઈ બન્યું હતું, તે કહી સંભળાવ્યું. આ સાંભળીને રાક્ષસને વિચાર આવ્યો કે 'શું હું માળીથી પણ ગયો?' એટલે તેણે પણ એને વચનથી મુક્ત કરી. પછી તે બાળા ચોરોની આગળ ગઈ અને કહેવા લાગી કે 'હે ભાઈઓ! હવે તમારે મને લૂંટવી હોય તો લૂંટી લ્યો. મારા વચન મુજબ હું તમારી આગળ હાજર થઈ છું.' અને તેમને માળી તથા રાક્ષસવાળો વૃત્તાંત કહી સંભળાવ્યો. આથી ચોરોએ પણ તેને સત્ય ટેકવાળી જાણીને જતી કરી. આ રીતે માળી, રાક્ષસ અને ચોરથી બચેલી તે બાળા પોતાના પતિ પાસે આવી અને જે જે હકીકત બની હતી તે બધી કહી સંભળાવી. આથી તેનો પતિ અત્યંત હર્ષ પામ્યો અને તેણે એને પોતાના હૃદયની રાણી બનાવી.

હવે હે લોકો! તમે જવાબ આપો કે આ સઘળામાં દુષ્કર કાર્ય કરનારું કોણ?'

તે વખતે સ્ત્રીના ઇર્ષ્યાળુ લોકો બોલી ઉઠયા કે 'સર્વમાં દુષ્કર કામ કરનાર તેનો પતિ છે કે જેણે પોતાની નવોઢા સ્ત્રીને બીજા પુરુષ પાસે જવાની રજા આપી.' ક્ષુધાતુર લોકો બોલ્યા કે 'સર્વમાં દુષ્કર કાર્ય કરનારો રાક્ષસ ગણાય કે જેણે અત્યંત ભૂખ્યો હોવા છતાં હાથમાં આવેલાં ભક્ષ્યને છોડી દીધું.' જાર પુરુષો બોલ્યા કે 'આ સર્વમાં દુષ્કર કામ કરનારો તો માળી જ ગણાય કે જેણે પોતાની પાસે સ્વયમેવ આવેલી એક રૂપવતી રમણીને ભોગવી નહિ.' છેવટે પેલો વિદ્યાસિદ્ધ માતંગ ત્યાં ઊભો હતો, તે બોલ્યો કે 'સર્વથી દુષ્કર કાર્ય કરનારા તો ચોર લોકો જ ગણાય કે જેમણે સુવર્ણના

આભૂષણોથી અલંકૃત કન્યાને લૂંટ્યા વગર જવા દીધી.' આ જવાબથી મંત્રીશ્વર અભયકુમારે તેને ચોર જાણીને પકડી લીધો અને એકાંતમાં લઇ જઇને પૂછ્યું કે 'તેં રાજાના બાગમાંથી કેરીઓ કેવી રીતે ચોરી હતી?' પેલો માતંગ મંત્રીશ્વરના હાથમાં આબાદ સપડાઇ ગયો હતો એટલે તેણે કહ્યું કે 'વિદ્યાના બલથી.' પછી મંત્રીશ્વર અભયકુમારે તેને રાજા શ્રેણિક આગળ હાજર કર્યો અને જણાવ્યું કે 'હે દેવ! પહેલાં આની પાસેથી વિદ્યા મેળવી લેજો અને પછી જે કરવું હોય તે કરજો.'

રાજા શ્રેણિકને અભયકુમારની આ સૂચના યોગ્ય લાગી, એટલે તેણે માતંગ પાસેથી વિદ્યા શીખવાનું શરુ કર્યું. પરંતુ કેટલાક દિવસો જવા છતાં જ્યારે વિદ્યાનો પ્રવેશ તેના મનમાં થયો નહિ ત્યારે તેણે પેલા માતંગનો તિરસ્કાર કરતાં કહ્યું કે 'તારા પેટમાં જરૂર કઇંક પાપ છે, નહિ તો આ વિદ્યા મને કેમ આવડે નહિ?' તે વખતે મંત્રીશ્વર અભયકુમારે કહ્યું કે 'હે સ્વામી! આ માતંગ અત્યારે તમારો વિદ્યાગુરુ છે અને ગુરુનો યોગ્ય વિનય કરવાથી જ વિદ્યા સ્ફુરે છે, તેથી એને સિંહાસન પર બેસાડો અને તમે પોતે હાથ જોડીને તેની સામે જમીન પર બેસો એટલે વિદ્યા આવડશે.'

વિદ્યાના પિપાસુ રાજા શ્રેણિકે તે મુજબ કર્યું, એટલે તેને ઉન્નામિની અને અવનામિની એમ બંને વિદ્યાઓ તરત જ સિદ્ધ થઈ. પછી તેણે ગુરુપણાને પામેલા વિદ્યાસિદ્ધ માતંગને છોડી મૂકયો. તાત્પર્ય કે–જ્ઞાન અથવા વિદ્યાની પ્રાપ્તિ ગુરુના યોગ્ય વિનય વિના થઈ શકતી નથી.

આજનો ભૌતિકવાદનો જમાનો આ વાત ભૂલી ગયો છે, પરંતુ તેનું પરિણામ એ આવ્યું છે કે ક્રોડો રૂપીઆના ખર્ચે શાળાઓ, પાઠશાળાઓ, વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠો જેવી અનેક સંસ્થાઓ નભાવવા છતાં પ્રજાને જોઇએ તેવું સંગીન જ્ઞાન પ્રાપ્ત થતું નથી કે તેનામાં સુસંસ્કારોની વૃદ્ધિ થતી નથી.

## ગુરુનું સ્થાન

આધ્યાત્મિક કે ધાર્મિક ક્ષેત્રમાં ગુરુના માર્ગદર્શન વિના પ્રગતિ સંભવતી નથી. તેથી તેમનું સ્થાન દેવ કે ઇશ્વર પછી તરત જ માનવામાં આવ્યું છે. આ વાત સુપ્રસિદ્ધ નમસ્કાર મંત્રની યોજના જોવાથી તરત જ ધ્યાનમાં આવી શકશે.

નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદો નીચે મુજબ વ્યવસ્થિત થયેલાં છે.

**१ नमो अरिहंताणं ।**

**२ नमो सिद्धाणं ।**

**३ नमो आयरियाणं ।**

**४ नमो उवज्झायाणं ।**

**५ नमो लोए सव्वसाहूणं ॥**

આમાં પહેલાં બે પદો અર્હત્ તથા સિદ્ધને નમસ્કારનાં છે કે જે **દેવ** છે, અને બાકીનાં ત્રણ પદો આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને નમસ્કારનાં છે કે જે **ગુરુ** છે.

ગુરુનું અતિ મહત્ત્વ બતાવવા માટે કેટલાક તેમને દેવની કોટિમાં પણ મૂકે છે. જેમકે-

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णु-र्गुरुर्देवो महेश्वरः ।**
**गुरुः साक्षात् परब्रह्म, तस्मै श्रीगुरवे नमः ॥**

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ મહાદેવ છે અને ગુરુ જ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તેવા શ્રી ગુરુને મારા નમસ્કાર હો.

કેટલાક આથી પણ આગળ વધીને ગુરુનું સ્થાન દેવ કરતાંયે પહેલું માને છે. જેમકે—

ગુરુ ગોવિંદ દોનું ખડે, કિસકો લાગું પાય ?
બલિહારી ગુરુદેવકી, ગોવિંદ દિયો બતલાય.

મારી સામે બે જણ ઊભા છે. એક ગુરુ અને બીજા ગોવિંદ, તેમાં ગુરુ કોણ અને ગોવિંદ કોણ તેને હું ઓળખતો નથી. મારી આ સ્થિતિ જોઇને ગુરુએ મને ઈશારાથી ગોવિંદ બતાવી દીધા.

આ રીતે ગોવિંદને ઓળખાવનારા ગુરુ હોવાથી તે આસન્ન-(નજીકના) ઉપકારી છે, તેથી પહેલો નમસ્કાર તેમને કરું છું.

અપેક્ષા વિશેષથી તેમનું આ કહેવું પણ ઠીક છે, કારણ કે આ જગત્‌ના મનુષ્યો બહુધા મોહગ્રસ્ત હોય છે, તેથી 'દેવ કોને કહેવાય અને તે કેવા હોય ?' અથવા 'ગુરુનું મહત્ત્વ શું છે અને તેમની સાથે પોતાના આધ્યાત્મિક કલ્યાણને કેવો સંબંધ છે ?' અથવા તો 'ધર્મની વ્યાખ્યા શું અને ધર્મ

કેવો હોય ?' તે વિષે કાંઈ પણ જાણતા નથી. તેઓ તો મોટા ભાગે પોતાના ધંધાધાપામાં જ મચ્યા રહે છે અને પોતાનાં બાળકોને રમાડવામાં મશગૂલ રહે છે; અથવા તો સ્ત્રીના હાવ-ભાવ અને લટકામટકા પર મરી પડે છે. આવા લોકોને ધર્મની વાતોમાં રસ પડતો નથી, પણ કોઇની કુથલી કરવી હોય કે કોઇની પેટભરીને નિંદા કરવી હોય તો તેમાં ખૂબ રસ પડે છે. વળી તેઓને સાધુ-સંતનાં વ્યાખ્યાનો ગમતાં નથી પણ ભાંડભવાયા અને નટ-વિટની વાતો બહુ પસંદ પડે છે. તે જ રીતે તેઓ ઘરની સુશીલ અને શાણી પત્નીને છોડીને દેહ-વિક્રયનો ધંધો કરનારી કૂતરાની ચાટ જેવી વેશ્યાના પ્રેમમાં પડે છે અને ખુવાર થાય છે; તથા જુગારના નાદે ચડીને પોતાનું સર્વસ્વ ગુમાવે છે.

આવા મૂઢ, મિથ્યાભિમાની અને અનેક અપલક્ષણોથી ભરેલા મનુષ્યોને ધર્મનો બોધ પમાડવાનું કામ સહેલું નથી, છતાં ગુરુ તેમને ધર્મનો બોધ પમાડે છે અને તેમના જીવનનો નવો જ ઘાટ ઘડે છે. આ વાતની વિશેષ પ્રતીતિ શ્રેષ્ઠિપુત્ર કમલનું દૃષ્ટાંત જાણવાથી થઇ શકશે.

## શ્રેષ્ઠિપુત્ર કમલનું દૃષ્ટાંત

કોઇ નગરમાં ધનપાળ નામનો એક શ્રીમંત શેઠ વસતો હતો. તેને કમલ નામનો એક પુત્ર હતો. તે અનુક્રમે બધી કલાઓમાં પ્રવીણ થયો પણ ધર્મ કલામાં પ્રવીણ થયો નહિ કે જે બહોંતેર કલાની શિરતાજ ગણાય છે. આથી ધનપાલ શેઠ વિચાર કરવા લાગ્યો કે ' જે પિતા પોતાના પુત્રને માત્ર

પૈસોટકો કે માલમિલકત આપે છે, પણ તેની સાથે સારા સંસ્કારોની કે ધર્મની મૂડી આપતો નથી, તે એને દુર્ગતિનું ભાજન બનાવે છે; માટે હું કોઈ પણ ઉપાયે મારા પુત્રને ધર્મ પમાડું.'

ધનપાળ શેઠે કમલને ધર્મ સંબંધી ઉપદેશ દેવો શરૂ કર્યો, પરંતુ કમલે તેના પર જરા પણ લક્ષ્ય આપ્યું નહિ. જ્યારે ધનપાળ શેઠ તેને ધર્મનો મર્મ સમજાવવા માંડતાં ત્યારે તેને બગાસાં આવતાં અને તે ઉઠીને ઊભો થઈ જતો. કોઈએ ઠીક જ કહ્યું છે કેઃ—

જેનું મન જે શું વસ્યું, તેને તે જ સુહાય;
દ્રાક્ષતણો તજી માંડવો, કાગ લીંબોળી ખાય.

જેનું ચિત્ત જેમાં ચોટયું હોય છે, તેને તે જ વસ્તુ સારી લાગે છે; પણ બીજી વસ્તુ સારી લાગતી નથી. દાખલા તરીકે કાગડો લીંબોળીને ખાંતે ખાંતે ખાય છે, જ્યારે દ્રાક્ષથી ભરેલા મંડપને અડતો પણ નથી.

અથવા તો

જેને ભાળે તે ભલું, નહિ સદ્ગુણ-વિચાર;
તજી ગજમુક્તા ભીલડી, પહેરે ગુંજાહાર.

મુગ્ધ મનુષ્યો પોતાને જે પસંદ પડે તેને જ સારું માની લે છે, પણ તેના ગુણદોષનો વિચાર કરતા નથી. જો એમ ન હોય તો જંગલમાં રહેનારી ભીલડી હાથીનાં મસ્તકમાંથી નીકળેલાં મહામૂલ્ય મોતીને પહેરવાનું છોડી દઈને ચણોઠીનો હાર શામાટે પહેરે ?

હવે એક વખત નગરની સમીપે રહેલા ઉદ્યાનમાં કોઈ સાધુ મહાત્મા પધાર્યા. તે જાણીને ધનપાળ શેઠ તેમને વંદન કરવા ગયો અને તેમનો ઉપદેશ પૂરો થતાં હાથ જોડીને બોલ્યો કે ' હે ગુરુદેવ ! મારો પુત્ર કમલ બધી વાતમાં હોશિયાર છે, પણ ધર્મથી વિમુખ છે. તેથી તેમને ધર્મનો બોધ પમાડવાની કૃપા કરો. ' સાધુ મહાત્માએ તે વિનંતિનો સ્વીકાર કર્યો. પછી ધનપાળ શેઠે ઘેર આવી કમલને કહ્યું કે ' હે વત્સ ! ગામ બહાર ઉદ્યાનમાં એક સાધુ મહાત્મા પધાર્યા છે. તેઓ ઘણા જ્ઞાની અને ચારિત્રવાન છે, માટે જઈને તેમનાં દર્શન કરી આવ. '

પિતાના કહેવાથી કમલ તે સાધુમહાત્મા પાસે ગયો અને વંદન કરીને તથા નીચું મુખ રાખીને તેમની સામે બેઠો. એટલે સાધુ-મહાત્માએ તેને ધર્મનો ઉપદેશ આપવા માંડ્યો. એ ઉપદેશમાં તેમણે ધર્મની જરૂરીઆત, ધર્મનું સ્વરૂપ અને ધર્મના અનેક પ્રકારો વર્ણવી બતાવ્યા. પછી ઉપદેશના અંતે તેમણે કમલને પૂછ્યું કે ' હે ભદ્ર ! અમારી ધર્મદેશનામાંથી તેં શું જાણ્યું ? ' ત્યારે કમલે કહ્યું કે ' આપની નજીક ઓરડીનું જે ઝાડ છે, તેના થડમાં રહેલા દરમાંથી એક સો ને આઠ મંકોડા બહાર નીકળ્યા અને પાછા તેટલા જ અંદર ગયા.' કમલનો આવો જવાબ સાંભળીને પેલા સાધુ મહાત્મા સમજી ગયા કે આ તો પત્થર પર પાણી રેડયું છે. એટલે તેમણે એ વાત ધનપાળ શેઠને કરી અને ત્યાંથી તેઓ અન્યત્ર વિહાર કરી ગયા.

થોડા દિવસ બાદ એક બીજા સાધુ મહાત્મા તે જ ઉદ્યાનમાં પધાર્યા. ત્યારે ધનપાલ શેઠે તેમને પણ પોતાના પુત્ર કમલને ધર્મનો બોધ પમાડવાની વિનંતિ કરી અને પહેલાં જે

હકીકત બની હતી, તે કહી સંભળાવી. આથી સાધુ–મહાત્માએ કહ્યું કે 'બહુ સારું. તમારા પુત્રને અમારી પાસે મોકલજો અને શિખામણ આપજો કે તે નીચું મુખ રાખીને બેસે નહિ પણ અમારા સામું જોયા કરે.'

ધનપાળ શેઠે તે પ્રમાણે શિખામણ આપીને કમલને તે સાધુમહાત્મા પાસે મોકલ્યો. એટલે તેણે વંદન કરીને ગુરુની સામે બેઠક લીધી અને ગુરુના મુખ ભણી તાકી રહ્યો. તે વખતે ગુરુએ પૂછયું કે 'હે ભદ્ર! તું તત્ત્વનું કાંઇ સ્વરૂપ જાણે છે ખરો!'

કમલે કહ્યું કે 'હું ત્રણ તત્ત્વો જાણું છું. મનગમતું ખાવું–પીવું, લહેરથી હરવું–ફરવું અને નિરાંતે ઊંઘી જવું.' એ સાંભળીને સાધુ મહાત્માએ કહ્યું કે 'આ તો ગામડિયાની ભાષા થઇ. પણ જે ત્યાગ કરવાનું, જાણવાનું તથા આદરવાનું છે તેમાંથી તું કાંઇ પણ જાણે છે કે કેમ?' કમલે કહ્યું: 'એની મને કાંઈ ખબર નથી.' તેથી સાધુમહાત્માએ તેને હેય, જ્ઞેય અને ઉપાદેયના સ્વરૂપવાળી દેશના આપવા માંડી. પછી દેશનાના અંતે કમલને પૂછયું કે 'હે મહાનુભાવ! આ દેશનામાંથી તું શું સમજ્યો?' કમલે કહ્યું કે 'બીજી વાતની મને સમજ પડી નથી પણ હું એટલું સમજી શકયો કે આ દેશના દરમિયાન તમારા ગળાનો હડિયો એક સો ને આઠ વાર ઊંચો નીચો થયો હતો.'

કમલનો આવો જવાબ સાંભળીને તે સાધુ મહાત્મા ખેદ પામ્યા થકાં વિચારવા લાગ્યા કે 'આ તો અંધને દર્પણનું

દર્શન કરાવવા જેવું થયું.' અને તેમણે બનેલી હકીકત ધનપાળ શેઠને જણાવી ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

કેટલાક સમય પછી પાછા તે જ ઉદ્યાનમાં પાંચ મહાવ્રતોના પાલણહાર, ચાર કષાયોના ટાળણહાર, સમતાના સાગર અને ગુણના આગર એવા એક ધર્માચાર્ય પધાર્યા. એટલે સહુ તેમને વાંદવાને ગયા. તે વખતે કમલનો પિતા પણ તેમને વાંદવાને ગયો અને દેશનાને અંતે હાથ જોડીને બોલ્યો કે 'હે ગુરુદેવ! મારો પુત્ર ધર્મ અને તત્ત્વના વિચારમાં અત્યંત મૂર્ખ છે. પ્રથમ અહીં પધારેલા બે સાધુ મહાત્માએ તેને ધર્મનો બોધ પમાડવાને વિદ્વત્તાભરી દેશના આપી, ત્યારે એ મૂર્ખે પહેલી વાર દરમાંથી નીકળતા મકોડાની ગણતરી કરી અને બીજી વાર તેમના ગળાનો હડિયો કેટલી વાર ઊંચોનીચો થયો તે જ ગણ્યા કર્યું. તે સાંભળીને ધર્માચાર્યે કહ્યું કે 'તમારા પુત્રની બુદ્ધિ લૌકિક વ્યવહારમાં કેવી છે?' ધનપાલ શેઠે કહ્યું 'ધર્મ સિવાય તે બધા વ્યવહારમાં કુશળ છે.' ત્યારે ધર્માચાર્યે કહ્યું 'તો એને સુખેથી ધર્મનો બોધ પમાડી શકાશે. અવસરે તેને અમારી પાસે મોકલજો.'

ઘેર જઈને ધનપાલ શેઠે કમલને કહ્યું કે 'હે પુત્ર! તેં અત્યાર સુધીમાં જે ગુરુઓ જોયા તે કરતાં આ ગુરુ જુદી જ જાતના છે, માટે તું એમનાં દર્શન કરી આવ.' એટલે કમલ તેમની પાસે ગયો અને વંદન કરીને સામે બેઠો.

ધર્માચાર્યે તેનું મન જાણવા માટે કહ્યું કે 'હે કમલ! તારા હાથના મણિબંધ ઉપર મત્સ્યના મુખ સહિત મોટી

ધનની રેખા દેખાય છે.' તે સાંભળીને કમલે પૂછયું કે 'તેનું ફળ શું ?' ત્યારે ધર્માચાર્યે કહ્યું કે 'મત્સ્યની રેખાથી ઘણું ધન પ્રાપ્ત થાય છે. વળી તારા હસ્તની રેખા પરથી જણાય છે કે તારો જન્મ શુકલપક્ષમાં થયેલો હોવો જોઈએ અને તે વખતે અમુક ગ્રહો અમુક સ્થાનમાં પડેલા હોવા જોઇએ.' તે સાંભળીને કમળ આશ્ચર્ય પામ્યો અને તરતજ ત્યાંથી ઉઠીને ઘેર ગયો તથા પોતાની જન્મપત્રિકા લાવીને તેમની આગળ ધરી. એ જન્મપત્રિકા જોઇને ધર્માચાર્યે તેનાં લગ્ન કયારે થયાં હતાં અને તેને એક મોટી બિમારી કયા પ્રકારની સહન કરવી પડી હતી, વગેરે વાતો કહી સંભળાવી. આથી કમલને લાગ્યું કે 'આ ગુરુ ઘણા જ્ઞાની દેખાય છે.'

બીજા દિવસે કમલ પોતાની મેળે ગુરુની પાસે ગયો અને વિનયપૂર્વક વંદન કરીને ગુરુની સામે બેઠો એટલે ગુરુએ કહ્યું કે 'હે કમલ !

બુદ્ધિ વિના નર બાપડો, બુદ્ધિથકી બલવાન;
બુદ્ધિથકી સુખ સંપજે, બુદ્ધિ ગુણનું સ્થાન.

બુદ્ધિ ન હોય તે માણસ બિચારો-બાપડો થાય છે અને બુદ્ધિ હોય તે માણસ ખરેખરો બળવાન ગણાય છે. આ જગતનાં સર્વ સુખો બુદ્ધિ વડે મેળવાય છે, તેથી બુદ્ધિને જ ગુણનું સ્થાન કહી છે. તે ઉપર એક નાનકડી વાત કહું તે સાંભળ :

## ચાર પુત્રવધૂઓનું દૃષ્ટાંત

ધનાવહ નામે એક શેઠ હતા, તેને ચાર પુત્રો હતા. આ ચારે પુત્રો વિનયી અને વિવેકી હતા. તે જ્યારે યોગ્ય ઉમરના

થયા ત્યારે પિતાએ તેમને સારા ઘરની કન્યાઓ સાથે પરણાવ્યા. હવે એક દિવસ ધનાવહ શેઠને વિચાર થયો કે 'હું ઘરડો થતો જાઉં છું ને મારા આયુષ્યમાંથી હમેશાં એક દિવસ ઓછો થતો જાય છે, એટલે આ દેહ કયારે પડશે તે કહેવાય નહિ, માટે હું મૃત્યુ પામું તે પહેલાં આ ઘરનો કારભાર બરાબર વ્યવસ્થિત ચાલે તે માટે વહુઓની પરીક્ષા કરું. તેમાં જેની જે પ્રકારની યોગ્યતા જણાય તેને તે પ્રકારનું કામ સોંપું; કારણ કે અધિકારની પ્રાપ્તિ માટે યોગ્યતા એ મુખ્ય વસ્તુ છે.' પછી તેણે એક દિવસ પોતાના કુટુંબીઓ વગેરેને જમવા નોતર્યાં અને ભાતભાતનાં જમણ કર્યાં. એ જમણ પત્યા પછી તેણે બધાની સમક્ષ પોતાની ચાર પુત્રવધૂઓને બોલાવી અને તે દરેકને ડાંગરના પાંચ પાંચ દાણા આપતાં કહ્યું કે-'આ દાણા જાળવી રાખજો અને હું માગું ત્યારે મને પાછા આપજો.'

આ દાણા લીધા પછી મોટી વહુએ વિચાર કર્યો કે 'ઘરડા થાય ત્યારે અક્કલ ઓછી થાય, એમ કહેવાય છે, તે ખોટું નથી. નહિ તો સસરાજી આખા કુટુંબને તેડાવી તેમની સમક્ષ ડાંગરના પાંચ દાણા સાચવવા કેમ આપે? આપણા ઘરમાં તો તેની કોઠીઓ ભરી છે માટે જ્યારે તે માગશે ત્યારે તેમાંથી પાછા આપીશ.' અને તેણે પેલા પાંચ દાણા ફેંકી દીધા.

બીજી વહુએ વિચાર કર્યો કે 'સસરાજીને આ શું સૂઝયું હશે? કાંઈ નહિ ને ડાંગરના પાંચ દાણા સાચવવા આપ્યા? પરંતુ વડીલની આપેલી વસ્તુ ફેંકી દેવાય નહિ.' અને તે પેલા દાણા ફોલીને ખાઈ ગઈ.

ત્રીજી વહુએ વિચાર કર્યો કે 'સસરાજીએ ગમે તે કારણ-

થી આ દાણા સાચવવા આપ્યા છે, માટે તેને સાચવી રાખવા.' એટલે તેણે એ પાંચ દાણાને ઘરેણાના ડાબલામાં સાચવીને મૂક્યા.

ચોથી વહુ બહુ ડાહી હતી. તેણે વિચાર્યું કે 'સસરાજીએ આપેલ દાણાની આપણે વૃદ્ધિ કરવી જોઇએ.' એટલે તેણે એ પાંચ દાણા પોતાના ભાઈઓને આપ્યા અને કહ્યું કે 'આ પાંચ દાણા એક જુદો કયારો કરીને વાવજો. પછી તેમાંથી જેટલા દાણા પાકે તે બીજા વર્ષે જુદા કયારામાં વાવજો અને એ રીતે જ્યાં સુધી હું ન કહેવરાવું ત્યાંસુધી તેને વાવ્યા કરજો.' ભાઈ-ઓએ તેનું વચન અંગીકાર કર્યું અને કહ્યા મુજબ કરવા માંડયું. એટલે પહેલા વર્ષે અર્ધી પાલી થયા, બીજા વર્ષે આઠ દશ પાલી થયા, ત્રીજા વર્ષે તેથી દશ બારગણા થયા, ચોથા વર્ષે તેના પણ દશ બારગણા થયા અને પાંચમે વર્ષે તો મોટો કોઠાર ભરાણો. ભાઇઓએ આ બાબતની ખબર બહેનને આપ્યા કરી.

અહીં પાંચ વર્ષ પૂરા થયા એટલે ધનાવહ શેઠે ફરી કુટુંબ-ને જમવા નોતર્યું અને તેની સમક્ષ ચારે વહુઓ પાસેથી પેલા દાણા માગ્યા. એટલે પહેલી વહુએ ઘરમાંથી લાવીને આપ્યા. તે જોઇને સસરાએ કહ્યું કે 'આ દાણા મારા આપેલા નથી.' પછી બહુ આગ્રહથી સોગન દઈને પૂછયું ત્યારે તેણે કબૂલ કર્યું કે 'આ દાણા તે નથી.' એટલે શેઠે ફરીને પૂછયું કે 'એ દાણાનું શું કર્યું ?' ત્યારે વહુએ કહ્યું કે 'એ તો મેં ફેંકી દીધા.' જે સાંભળીને શેઠને ઘણું દુઃખ થયું.

પછી બીજી વહુને પાસે દાણા માગ્યા એટલે તેણે પણ ઘર-માંથી લાવીને આપ્યા. ત્યારે શેઠે કહ્યું કે 'આ દાણા મારા

આપેલા નથી.' એટલે તેણે તરત જ કબૂલ કર્યું કે 'વાત સાચી છે, એ દાણા તો હું ખાઇ ગઈ હતી.'

પછી ત્રીજી વહૂનો વારો આવ્યો. ત્યારે તેણે ઘરેણાના ડાબલામાંથી એક વસ્ત્રની પોટલી કાઢી અને તેના છેડે બાંધેલી ગાંઠ છોડીને દાણા આપ્યા.

પછી ચોથી વહૂનો વારો આવ્યો ત્યારે તેણે કહ્યું કે: 'સસરાજી! એ દાણા એમ ન આવે. એને લાવવા માટે તો ગાડાં જોઇએ, કારણ કે એ દાણાથી આખો કોઠાર ભરાયેલો છે.' અને તેણે દાણાની જે વ્યવસ્થા કરી હતી તે કહી સંભળાવી. આથી શેઠ ઘણા ખુશી થયા.

હવે હે કમલ! તું કહે કે ધનાવહ શેઠે આ વહૂઓને શું શું કામ સોંપવું?'

ત્યારે કમલે કહ્યું કે-'જે વહૂએ સસરાના આપેલા દાણા વાસીદામાં ફેંકી દીધા તેને વાસીદું વાળવાનું કામ સોંપવું. જે વહૂ સસરાના આપેલા દાણા ખાઈ ગઈ તેને ભોજન બનાવવાનું કામ સોંપવું. જે વહૂએ સસરાના આપેલા દાણા સાચવી રાખ્યા તેને ઘરેણાં-ગાંઠા વગેરે સાચવવાનું સોંપવું અને જે વહુએ તેની ઘણી વૃદ્ધિ કરી તેને આખા ઘરની ઉપરી બનાવવી.'

આ સાંભળી ગુરુએ કહ્યું કે 'કમલ! ધન્ય છે તારી બુદ્ધિને; તેં બરાબર ન્યાય કર્યો. ધનાવહ શેઠે પણ તેમજ કર્યું હતું. હવે વિચારવાનું એ છે કે-જે રીતે બુદ્ધિશાળી વહૂએ પાંચ દાણાની વૃદ્ધિ કરી તે રીતે બીજી વસ્તુઓ સંબંધમાં પણ કરવું ઘટે કે નહિ?'

કમલે કહ્યું: ' અલબત્ત, એની જગાએ રૂપીઆ હોય તો તેનું પણ એમજ કરવું ઘટે. જે રૂપીઆ ફેંકી દે તે મહા-મૂર્ખ કહેવાય. જે રૂપીઆને વટાવી ખાય તે મૂર્ખ કહેવાય. જે તે રૂપીઆને સાચવી રાખે તે ડાહ્યો કહેવાય અને જે તે રૂપીઆની વૃદ્ધિ કરે તે ઘણો ડાહ્યો કહેવાય.'

ગુરુએ કહ્યું કે ' વાહ ! વાહ ! તેં એ દાખલાને બરા-બર ઘટાવ્યો. આપણું આ જીવન છે, તે પણ એક પ્રકારની મૂડી છે. જે તેને ગમે તેમ ફેંકી દે છે, તે મહામૂર્ખ છે; જે તેનો ભોગવિલાસમાં જ ઉપયોગ કરે છે, તે મૂર્ખ છે. જે તેને સાચવી રાખે છે તે ડાહ્યો છે અને જે તેનો વિકાસ કરે છે તે ઘણો ડાહ્યો છે. વારુ, આજે તો હવે વ્યાખ્યાનનો વખત થયો છે, એટલે આ વાત આટલેથી બંધ રાખીશું. વળી અવસરને યોગ્ય બીજી વાત કાલે કરીશું.'

આ વાતથી કમલને ઘણો આનંદ થયો. એટલે ત્રીજા દિવસે પણ તે પોતાની મેળે જ ગુરુની આગળ ગયો અને તેમને વિનયપૂર્વક વંદન કરીને સામે બેઠો.

ગુરુએ કહ્યું કે ' હે કમલ ! ગઈ કાલે તેં ચાર વહૂઓનો જે ન્યાય તોળ્યો, તેના પરથી મને ખાતરી થઈ છે કે તું બહુ બુદ્ધિશાળી છે, તો પણ તને એક વરત પૂછું. તું તેનો ઉત્તર આપ.

નારી બેઠી ગોખમાં, કરે સઘળાં યે કામ;
રાતી રસભીની રહે, છોડે નહિ નિજ ઠામ.

ચાકર ચોકીદાર શા, બહુલા રાખે પાસ;
કામ કરાવે તે કને, વિલસે આપ વિલાસ.

જોડે પ્રીતિ બહુ થકી, તોડે પણ તિણ વાર;
કરવી વશ તેને ઘટે, સુખ વાંછે જે સાર.

કમલે એના પર બહુ બહુ વિચાર કર્યો, પરંતુ તેનો જવાબ જડ્યો નહિ ત્યારે ગુરુએ કહ્યું કે–' એનો ઉત્તર જીભ છે. એ મુખરૂપી ગોખમાં બેઠેલી છે અને ત્યાં બેસીને જ પોતાનાં સઘળાં કામ કરે છે. તે રંગે રાતી છે અને હમેશાં રસથી ભીની રહે છે. તે પોતાનું સ્થાન છોડીને કયાંઈ જતી નથી. તે દાંતરૂપી ચાકરોને પોતાની પાસે રાખે છે અને ચાવવાનું કામ તેની પાસે કરાવે છે; જ્યારે પોતે તો તેનો સ્વાદ માણવારૂપ વિલાસ જ કરે છે. આ જીભ સારું બોલીને ઘણાની સાથે મૈત્રી બાંધે છે અને ખોટું કે તોછડું બોલીને ઘણાની સાથેનો સ્નેહ તોડી પણ નાખે છે. તેથી જે માણસો ઉત્તમ પ્રકારનું સુખ ઇચ્છતા હોય તેમણે જીભને વશ કરવી ઘટે છે.

આ સાંભળી કમલને ગુરુના બુદ્ધિચાતુર્ય માટે અતિ માન થયું અને તે મનમાં ને મનમાં તેમની પ્રશંસા કરવા લાગ્યો. પછી ગુરુએ બીજું વરત પૂછયું.

ડાળે બેઠી સૂડલી, પણ નવ આવે પાંખ;
ચરવા તો યે નિસરે, જોયું આંખો આંખ.

દેહ વરણ કાળો નહીં, તો પણ કાળી ચાંચ;
ચાંચે ઈંડાં મેલતી, પળમાંહીં બે પાંચ.

તે ઈંડાં ચાંપે ઘણું, તોય ન ફૂટે એક;
વદ તું વત્સ વિચારીને, ધરી હૈયે વિવેક.

આ વરતે કમલને મુંઝવ્યો. તેણે ઘણો ઘણો વિચાર કર્યો,

પરંતુ તેનો સાચો ઉત્તર તે મેળવી શક્યો નહિ. એટલે ગુરુએ કહ્યું કે 'એનો ઉત્તર **કલમ** છે. તે હાથરૂપી ડાળ પર બેસે છે. તેને પાંખ હોતી નથી-આવતી નથી છતાં તે ફરવા નીકળે છે. તેનો રંગ લાલ, પીળો, સોનેરી વગેરે હોવા છતાં તેની ચાંચ તો કાળા રંગની જ હોય છે અને તે ચાંચ વડે જ તે થોડીવારમાં અક્ષરોરૂપી બે પાંચ ઈંડાં મૂકે છે. તે ઈંડાં એવાં હોય છે કે ઘણું ચંપાવા છતાં તેમાંનું એક પણ ઈંડું ફૂટતું નથી. તાત્પર્ય કે-અક્ષરો લખાઈને સૂકાઈ ગયા પછી તેના પર હાથ ફેરવવામાં આવે તો તે ભૂંસાતા નથી, પણ એવા ને એવા રહે છે.

હે કમલ ! આવી કલમો વડે ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામ-શાસ્ત્ર અને મોક્ષશાસ્ત્ર લખાય છે.'

તે વારે કમલે પૂછ્યું કે 'એ દરેક શાસ્ત્રમાં શું શું હકીકત આવે છે?'

ગુરુએ કહ્યું કે 'મનુષ્યે આ જીવનમાં કેવો આચાર-વિચાર રાખવો અને તેનું શું પરિણામ આવે છે તેનો વિચાર ધર્મશાસ્ત્રમાં કરેલો હોય છે; મનુષ્યે વ્યાપાર-ધંધો કેવી રીતે કરવો, લોકો સાથે કેવી રીતે વર્તવું અને કેવી રીતે પોતાનો તમામ વ્યવહાર કુશળતાપૂર્વક ચલાવવો તેનો વિચાર અર્થ-શાસ્ત્રમાં કરેલો હોય છે; મનુષ્યે કેવી રીતે કામસુખ ભોગવવું અને તે ભોગવવાની સાચી રીત કઈ છે, તેનો વિચાર કામ-શાસ્ત્રમાં કરેલો હોય છે; અને મનુષ્ય આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈને પરમ આનંદ કે પરમ સુખ કેમ

પામી શકે તથા તેનાં સાધનો શું શું છે તેનો વિચાર મોક્ષશાસ્ત્રમાં કરેલો હોય છે. આ સંબંધી તારે વિશેષ જાણવાની ઇચ્છા હોય તો અવસરે કાલ કહીશું.'

ગુરુની વાતમાં કમલને રસ પડવા માંડ્યો. 'ધર્મગુરુઓ સ્વર્ગ અને નરકની તથા પુણ્ય અને પાપની જ વાતો કર્યા કરે છે અને લોકોનું માથું ફોગટનું પકવે છે.' એવો તેનો ખ્યાલ આ ગુરુના પરિચયથી દૂર થયો.

ચોથા દિવસે પણ તે રોજની માફક બરાબર સમયસર હાજર થયો અને વિનયપૂર્વક વંદન કરીને સામે બેઠો.

ગુરુએ કહ્યું કે 'હે કમલ ! તું વ્યવહારમાં ઘણો કુશલ છે અને લેખાં, વ્યાજ તથા ગણિત સારી રીતે જાણે છે. તેથી તને એક સવાલ પૂછું છું કે એકડામાંથી એકડો જાય તો બાકી શું રહે ?'

કમલે તેનો ઝટ લઈને પ્રત્યુત્તર આપ્યો કે 'કાંઈ બાકી ન રહે.'

ગુરુએ કહ્યું:–'બરાબર વિચારીને જવાબ આપ કે એકમાંથી એક બાદ થાય તો બાકી શું રહે ?'

ત્યારે કમલે વિચારીને કહ્યું કે 'એકમાંથી એક જાય તો મીંડું બાકી રહે. ૧–૧=૦.'

ગુરુએ કહ્યું: 'આ જવાબ બરાબર છે. હવે તને પૂછું છું કે એકડાની કિમ્મત શું અને મીંડાંની કિમ્મત શું ?'

કમલે કહ્યું કે 'એકડાની કિમ્મત એક અને મીંડાંની કિમ્મત કાંઇ નહિ.'

ગુરુએ કહ્યું: 'જો એમ જ હોય તો એકડાની આગળ

એક પછી એક મીંડાં ઉમેરતો જા અને તેની કિમ્મતમાં શું ફેરફાર થાય છે, તે જો.'

કમલે કહ્યું: 'એમ તો દરેક મીંડું આંકડાની કિમ્મતમાં દશ દશગણો વધારો કરે છે.'

ગુરુએ કહ્યું: 'તો મીંડાની કિમ્મત શું ગણાય ?'

કમલે કહ્યું: 'જો એકડો હોય તો બધાં મીંડા કામનાં છે, નહિ તો તેની કિમ્મત કાંઈ નથી.'

ગુરુએ કહ્યું: 'આ જવાબ બરાબર છે. જો મીંડું એકલું હોય તો તેની કિમ્મત કાંઈ નથી પણ એકડો તેમાં ભળે તો તેની કિમ્મત દશગણી વધી જાય છે. આ જ વસ્તુ આપણા જીવન પરત્વે સમજવાની છે. આપણું જીવન છે, તે મીંડાં સમાન છે. એટલે જીવનમાં ધર્મ ભળે તો તેની કિમ્મત અનેકગણી વધી જાય છે, અન્યથા તેની કિમ્મત કાંઈ નથી. ખાવું-પીવું ને હરવું-ફરવું તો જાનવરો પણ કરે છે એટલે માત્ર ખાવું-પીવું ને હરવું-ફરવું કે મોજમજાહમાં જિંદગી પૂરી કરવી એ જીવન મીંડાં જેવું છે, શૂન્ય છે, મનુષ્યત્વના સાચા અર્થથી રહિત છે. તેથી પ્રત્યેક બુદ્ધિમાન મનુષ્યે પોતાના જીવનને ધર્મરૂપી એકડાથી મૂલ્યવાન બનાવવું જોઈએ.'

ગુરુના મર્મભેદી શબ્દો કમલના હૃદયની આરપાર નીકળી ગયા અને તેના મોઢામાંથી 'આહ !' એવો ઉદ્ગાર નીકળી ગયો.

આ જોઈ ગુરુએ કહ્યું: 'કમલ ! જે વાત બની ગઈ તેનો અફસોસ કરવો નકામો છે; પણ તેમાંથી સાર ગ્રહણ કરીને વર્તમાન જીવનને સુધારવું એ સાચું ડહાપણ છે. આયુષ્ય

પળે પળે ઓછું થતું જાય છે, સંયોગો ક્યારે પલટાશે તેની ખાતરી નથી અને રાંધેલા અન્ન જેવો આ દેહ ક્યારે બગડી જશે તેનો કોઇ ભરોસો નથી. તેથી જરા પણ સમય ગુમાવ્યા સિવાય ધર્મનું આરાધન કરવું ઉચિત છે. તારા જેવા બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ મનુષ્યને આથી વધારે શું કહેવાનું હોય ? '

કમલ તે દિવસથી ધર્મના રંગે પૂરેપૂરો રંગાઇ ગયો અને દિનપ્રતિદિન તત્ત્વનો વિશેષ બોધ પામતો એક દિવસ મહાન ધર્માત્મા બન્યો. કહેવાનું તાત્પર્ય એ છે કે-ગમે તેવા વક્ર અને જડ મનુષ્યોને પણ ગુરુ ધર્મનો બોધ પમાડી શકે છે અને તેના જીવનનો નવો ઘાટ ઘડી શકે છે. તેથી જ અનુભવી પુરુષોએ જણાવ્યું છે કે—

विना गुरुभ्यो गुणनीरधिभ्यो
जानाति धर्मं न विचक्षणोऽपि ।
विना प्रदीपं शुभलोचनोऽपि
निरीक्षते कुत्र पदार्थसार्थम् ? ॥

સુંદર આંખોવાળો હોવા છતાં કોઇપણ મનુષ્ય અંધારામાં રહેલા પદાર્થોને બરાબર જોઈ શકતો નથી. તે જ રીતે મનુષ્ય ગમે તેવો વ્યવહારકુશલ હોય અને દુનિયાની દૃષ્ટિએ ડાહ્યો ગણાતો હોય તો પણ ગુણના સમુદ્રરૂપ ગુરુની સહાય વિના ધર્મના મર્મને જાણી શકતો નથી.

એક સંત કવિ કહે છે કે—

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ગમ નવિ હોય;
ગુરુ કહિયે માતાપિતા, ગુરુથી અધિક ન કોય.

ગુરુ દીવા સમાન છે કે જે બધી વસ્તુઓને બરાબર બતાવે છે. ગુરુ દેવતા સમાન છે કે જે અનેક દિવ્ય ગુણોથી વિભૂષિત હોય છે. ગુરુ વિના આપણને સાચી ગમ પડતી નથી. વળી ગુરુ માતા અને પિતા સમાન છે, કારણ કે તે આપણું ( ધાર્મિક દૃષ્ટિએ ) લાલન અને પાલન કરે છે. વધારે શું કહું ? આ જગતમાં ગુરુથી વધારે ચડિયાતું કોઈ જ નથી.

વળી બીજી એવી એક પ્રસિદ્ધ ઉક્તિ છે કે—

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, તે રડવડિયા સંસાર.

પ્રથમની બે ઉપમાઓનો અર્થ તો કહેવાઈ ગયો છે. હવે આ જગતમાં શું કે આપણા જીવનમાં શું, જો ધર્મશાસ્ત્રદ્વારા જીવનમાં સાચો પ્રકાશ આપનાર ગુરુદેવ ન હોય તો ભયંકર અંધકાર વ્યાપી જાય, એથી જ જેઓ સદ્ગુરુદેવની વાણી કદી સાંભળતા નથી, ખરેખર તેઓ સદ્માર્ગને છોડી અસદ્માર્ગમાં ચાલીને આ સંસારના ચોરાસીના ચકરાવામાં રખડતા થઈ જાય છે.

ધર્મનાં ગૂઢ રહસ્યોની પ્રાપ્તિ ગુરુ વિના થઈ શકતી નથી, તે જ રીતે યોગ અને અધ્યાત્મની અનેકવિધ ક્રિયાઓ ગુરુના માર્ગદર્શન વિના બરાબર જાણી શકાતી નથી. એટલું જ નહિ પણ જ્યારે સાધના કરતાં સંશય ઉઠે છે અને હૈયું હચમચવા લાગે છે ત્યારે વ્હારે ચડનાર પણ ગુરુ જ હોય છે. તેથી ધાર્મિક કે આધ્યાત્મિક પ્રગતિ ઇચ્છનારે ગુરુનું શરણુ શોધવું જ જોઈએ અને તે જેટલું વહેલું શોધાય તેટલું વધારે સારું.

: ૨ :

# કુગુરુ

હીરાની ખાણુ વિરલ હોય છે; મોતીનાં મથકો જૂજ હોય છે; ચંદનનાં વૃક્ષો અતિ અલ્પ સંખ્યામાં નજરે પડે છે. તે જ રીતે ગુરુપદની યોગ્યતા ધારણ કરનાર ગુરુઓ આ જગતમાં વિરલ હોય છે, જૂજ હોય છે અથવા તો અતિ અલ્પ સંખ્યામાં નજરે પડે છે. વ્યાપારની પરિભાષામાં કહીએ તો બજારમાં સારા માલની હમેશા અછત હોય છે; જ્યારે નબળો માલ જોઇએ ત્યારે, જોઈએ તેટલા પ્રમાણમાં મળી રહે છે. તેથી જ કોઈએ કહ્યું છે કે:—

**गुरवो बहवः सन्ति, शिष्यवित्तापहारकाः ।**
**दुर्लभः सद्गुरुर्भुवि, शिष्यहृत्तापहारकः ॥**

'આ જગતમાં એક યા બીજા બહાને શિષ્યોનાં ગજવાનો ભાર હળવો કરનારા ગુરુઓ ઘણા હોય છે, પણ શિષ્યોના હૃદયનો સંતાપરૂપી ભાર હળવો કરનાર સદ્‌ગુરુ દુર્લભ હોય છે.'

આ સ્થિતિ મુમુક્ષુઓને સ્પષ્ટ ચેતવણી આપે છે કે 'ઓ મુમુક્ષુઓ ! જેના આધારે તમે સંસારસાગરનો પાર પામવા ઇચ્છતા હો તે ગુરુરૂપી નૌકાને બરાબર તપાસજો. જો તે સુદૃઢ અને છિદ્ર વિનાની હશે તો તમને સામે પાર લઇ જશે પણ ખખડી ગયેલી કે છિદ્રવાળી હશે તો પોતે પણ ડૂબશે અને તમને પણ ડુબાડશે. વળી આ દુનિયામાં 'પીળું તેટલું સોનું નથી અને ધોળું તેટલું દૂધ નથી' તેમ ગુરુનું નામ ધારણ કરનારા સર્વ કોઈ ગુરુ નથી. જો બધામાં નામ પ્રમાણે ગુણ હોત તો ઠણઠણપાલ પોતાનું નામ બદલ્યા વિના રહેત નહિ.

## ઠણઠણપાલનું દૃષ્ટાંત.

એક શેઠને ઘેર પુત્રનાં પારણાં છ વાર બંધાયાં, પરંતુ તેમાંનો એક પણ પુત્ર બાર મહિના કરતાં વધુ વખત જીવ્યો નહિ; તેથી સાતમા પુત્રનું ખોટીલું નામ ઠણઠણપાલ પાડ્યું. અને બન્યું પણ એવું કે તે પુત્ર બાળમરણમાંથી બચી ગયો અને કાલક્રમે યુવાન થયો.

એક વાર ઠણઠણપાલને તેનાં નામ માટે મિત્રોએ ખૂબ જ ચીડવ્યો, એટલે તે ઘેર આવીને પિતાને કહેવા લાગ્યો કે 'હે પિતાજી ! આ દુનિયામાં નામોની ક્યાં ખોટ હતી કે તમે મારું નામ ઠણઠણપાલ પાડ્યું ? આવું ખરાબ નામ રાખવાથી બધા માણસો મને ચીડવે છે, માટે મારું નામ બદલી નાખો.'

પિતાએ કહ્યું: 'બેટા ! નામ તો જિંદગીમાં એક જ વાર પડે. વળી જે નામ લોકોની જીભે ચડી ગયું હોય તે આપણું બદલ્યું બદલાય નહિ, માટે તારે જરા પણ ચીડાવું નહિ.'

ઠણુઠણુપાલે કહ્યુ: ' પરંતુ પિતાજી ! આવું લજામણું નામ તો કોઈનું પણ જોવામાં આવતું નથી ! વળી સાંભળવામાં પણ તે કેવું કઠોર લાગે છે ? ઠણુ–ઠણુ–પાલ ! ! ! જાણે કોઇ ખાલી વાસણ ખખડતું ન હોય !'

પિતાએ કહ્યું: ' બેટા ! એ તો દૃષ્ટિ તેવી સૃષ્ટિ. કોઇને એ નામમાં કઠોરતા લાગતી હશે તો અમને તેમાં મધુરતા જણાય છે. અમારા લાડીલા ઠણુઠણુપાલનું નામ સાંભળતાં જ અમારું લોહી શેર શેર ચડી આવે છે; અને બધાં નામો કાંઇ સાર્થક હોતા નથી. દાખલા તરીકે કોઇનું નામ કચરો હોય છે, કોઈકનું નામ પૂંજો હોય છે, કોઇકનું નામ ગાંડો હોય છે અને કોઇકનું નામ ભીખો હોય છે. તેથી એમ સમજવાનું નથી કે તે માણસ કચરા જેવો, પૂંજા જેવો, ગાંડો કે ભિક્ષુક હોય છે. ખરી વાત તો એ છે કે નામ ગમે તેવું હોય તો પણ તેની પાછળ કામો સારાં થાય તો એ નામ સહુને પ્યારું થઇ પડે છે. ઋષભ, કૃષ્ણ, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ વગેરે નામો એ રીતે જ લોકપ્રિયતાને પામેલાં છે. ઋષભ એટલે બળદ, કૃષ્ણ એટલે કાળો, યુધિષ્ઠિર એટલે યુદ્ધમાં સ્થિર રહેનારો (પર્વત), ભીમ એટલે ભયંકર, અર્જુન એટલે સાદડનું વૃક્ષ અને નકુલ એટલે નોળીઓ. તારી દૃષ્ટિએ આમાં કોઇ પણ નામ સુંદર નથી છતાં તે નામો આજે હજારો હૈયાનું આકર્ષણ કરી રહ્યા છે અને લાખો મસ્તકનાં વંદન પામી રહ્યાં છે; માટે નામ કરતાં કામ પર જ વધારે ધ્યાન આપવું.'

આમ છતાં ઠણુઠણુપાલના મનનું સમાધાન થયું નહિ અને

તેણે પોતાનું નામ બદલવાનો આગ્રહ ચાલુ રાખ્યો, તેથી પિતાએ તેને કોઈ સુંદર નામ શોધી લાવવાનું જણાવ્યું.

એક વાર કોઇ કામપ્રસંગે ઠણુઠણુપાલ ગામની બહાર ગયો. ત્યાં એક આધેડ ઉમ્મરની સ્ત્રી તેના જોવામાં આવી. તેણે જાડાં અને ફાટેલાં વસ્ત્રો પહેરેલાં હતાં તથા હાથ, પગ, નાક અને કાનમાં સાવ મામૂલી કિંમતનાં થોડાં ઘરેણાં ધારણ કરેલાં હતાં. તે સવારના પહોરમાં અહીં આવી હતી અને બપોર ચડવા આવ્યા ત્યાં સુધીમાં રખડી–રવડીને અડાયાં છાણાંનો એક ટોપલો ભરી શકી હતી. તેણે ઠણુઠણુપાલને કહ્યું કે ' અરે ભાઈ, આ ટોપલો માથે ચડાવવામાં જરા મદદ કર ' આથી ઠણુઠણુપાલ તેની નજીક ગયો અને છાણાંનો ટોપલો તેના માથે ચડાવતાં બોલ્યો કે ' બહેન ! તમારું નામ શું ? '

પેલી સ્ત્રીએ કહ્યું: ' લખમી. ' આ સાંભળીને આશ્ચર્ય-ચકિત થયેલા ઠણુઠણુપાલે તેને ફરી પૂછયું કે ' બહેન ! તમારું નામ તો લખમી છે અને તમે છાણાં વીણવાનું કામ કેમ કરો છો ? '

લખમીએ કહ્યું, ' મારા વીરા ! આ તો નામ મોટાં અને દરસણ ખોટાં છે. મારું નામ લખમી હોવા છતાં હું અતિ ગરીબ છું અને છાણાં–લાકડાં વીણીને પેટનો ગુજારો કરું છું. જો આ રીતે મહેનત–મજૂરી ન કરું તો મને ખાવાનું કોણ આપે ? '

લખમી ચાલતી થઇ અને ઠણુઠણુપાલ પોતાના રસ્તે પડયો, પરંતુ લખમીનું ચિત્ર તેના મનમાંથી ભુંસાયું નહિં. લખમી, છાણા વીણે તે વિચાર જ તેને અસહ્ય થઈ પડયો. આ સ્થિતિમાં

તે થોડુંક ચાલ્યો કે રસ્તામાં એક માણસ સામો મળ્યો. તેને ઠણુઠણુપાલે પૂછયું કે 'ભાઈ! તમારું નામ શું?' પેલા માણસે કહ્યું 'ધનપાલ!' આ સાંભળીને ઠણુઠણુપાલ બોલી ઉઠયો કે 'વાહ! કેવું સુંદર નામ છે? ભાઈ! તમારું નામ સાંભળીને મને અતિ આનંદ થાય છે.' તે વખતે ધનપાલે કહ્યું કે 'ભાઈ! મારું નામ સાંભળીને તમને આનંદ થાય છે, પરંતુ હું શું કરું છું તે જાણો છો?' ઠણુઠણુપાલે કહ્યું: 'ધનપાલ છો એટલે ધન સંઘરતા હશો અને મનમાન્યું વાપરતા હશો.' એ સાંભળીને ધનપાલે કહ્યું કે 'અરે ભાગ્ય-શાળી! મારી પાસે તો એક ફૂટી બદામ પણ નથી. હું સવારથી સાંજ સુધી આ ગામમાં ભીખ માગું છું ત્યારે મારું પૂરું થાય છે. કોઈએ મારું નામ ધનપાલ પાડયું, તેમાં શો દહાડો વળ્યો? નામનાં કાંઈ થોડાં જ બચકાં ભરાય છે?'

આ સાંભળી ઠણુઠણુપાલ ઠરી ગયો. લખમી છાણાં વીણે અને ધનપાળ ભીખ માગે એ તો અજબ કહેવાય! અહીંથી આગળ જતાં એક સ્મશાન આવ્યું. ત્યાં એક મડદાંને અગ્નિ-દાહ દેવાઈ રહ્યો હતો. તે જોઈને ઠણુઠણુપાલે ડાઘુમાંનાં એક જણને પૂછયું કે 'અરે ભાઈ! કોણ મરી ગયું?' એટલે તે માણસે કહ્યું કે 'અમરશીભાઈ ગુજરી ગયા. બિચારા ભગ-વાનનું માણસ હતા! કોઈ દિવસ મરતાંને પણ મર કહેતા નહિ. વળી તેમના નખમાં એ રોગ ન હતો, છતાં શું થયું કે તે એકાએક ઢળી ગયા!' ઠણુઠણુપાલે કહ્યું 'પણ અમર-શીભાઈ મરે ખરા?' આવો વિચિત્ર પ્રશ્ન સાંભળીને પેલો માણસ ઠણુઠણુપાલ સામું તાકી રહ્યો અને કહેવા લાગ્યો કે

'ભલા ભાઈ! આવો ગાંડો સવાલ કેમ પૂછે છે? જેનું નામ છે, તેનો નાશ છે. આ દુનિયામાં કોઈ પણ અમરપટો લઈને આવ્યું નથી, પછી તે અમરશીભાઇ હોય કે અભયચંદ હોય, અક્ષયકુમાર હોય કે અનંતરાય હોય અથવા ઈશ્વરલાલ, ભગવાનદાસ, મહાદેવપ્રસાદ, મુરારિ કે ગમે તે હોય.'

આ જવાબ સાંભળીને ઠણઠણપાલ ચુપચૂપ ઘેર આવ્યો અને પોતાના કામકાજમાં લાગી ગયો. પછી જ્યારે પિતાએ પૂછ્યું કે 'બેટા! તેં કોઇ સારું નામ શોધી કાઢયું કે નહિ?' તે વખતે તેણે કહ્યું કે:—

**લખમી છાણાં વીણતી, ભીખ માગે ધનપાલ;**
**અમરશી મરતાં દીઠો, ભલો હું ઠણઠણપાલ.**

'લક્ષ્મીને મેં છાણાં વીણતી જોઇ, ધનપાળને મેં ભીખ માગતા જોયો, અને અમરશીને મેં મરતાં દીઠો. સારાંશ કે આ કોઇમાં નામ પ્રમાણે ગુણ દીઠા નહિ, તેથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે મારું નામ ઠણઠણપાલ છે, તે જ ઠીક છે.'

તેના આ નિર્ણયને પિતાએ વધાવી લીધો અને શાબાશી આપી. કહેવાની જરૂર ભાગ્યે જ છે કે વખત જતાં એ ઠણઠણપાલ એક મોટો શ્રીમંત થયો અને વિવિધ પ્રકારનાં લોકોપયોગી કાર્યો કરીને યશ તથા કીર્તિનો ભાગી થયો.

આ દૃષ્ટાન્તથી એ વાત સ્પષ્ટ થાય છે કે બધામાં નામ પ્રમાણે ગુણ હોતા નથી, તેથી ગુરુનું નામ ધારણ કરનારા સર્વ કોઇમાં ગુરુના ગુણો હોય તે બનવાજોગ નથી.

જે મુગ્ધ મનુષ્યો ગુરુના ગુણ-દોષની તપાસ કર્યા વિના માત્ર બાહ્ય આડંબરથી આકર્ષાય છે અને તેમના ચરણે શિર ઝુકાવે છે, તેઓ દૂઝણી ગાયને બદલે વાંઝણી ગાય પાળે છે. તે આ રીતે—

## વાંઝણી ગાયને ખરીદનારા મુગ્ધ મનુષ્યનું દૃષ્ટાંત.

કોઇ મુગ્ધ મનુષ્યને વૈદ્યોએ માત્ર ગાયના દૂધ ઉપર રહેવાની સલાહ આપી. આ રીતે દૂધ ઉપર રહેતાં રોજનું પાંચ શેર કે છ શેર દૂધ જોઈએ, તેથી તેણે એક ગાય ખરીદી લેવાનો વિચાર કર્યો અને તે માટેના ખાસ બજારમાં ગયો. ત્યાં અનેક પ્રકારની ગાયો ઊભેલી હતી. તેમાં કેટલીક રાતી હતી, કેટલીક પીળી હતી, કેટલીક કાળી હતી, કેટલીક કાબરી હતી અને કેટલીક સાવ ધોળી હતી. વળી તેમાં કેટલીક ગાયો દુબળી જણાતી હતી, કેટલીક ગાયો મધ્યમ જણાતી હતી અને કેટલીક ગાયો રૃષ્ટપુષ્ટ જણાતી હતી. તેમાં એક રૃષ્ટપુષ્ટ ગાયના ગળે સુંદર ઘંટ બાંધેલો હતો. આ જોઈને મુગ્ધ મનુષ્યે વિચાર કર્યો કે 'અન્ય કોઈ ગાયના ગળે ઘંટ બાંધેલો નથી અને આ ગાયના ગળે જ ઘંટ બાંધેલો છે, માટે તે સહુથી સારી હોવી જોઇએ. વળી શરીરમાં પણ તે રૃષ્ટપુષ્ટ છે, માટે બીજી ગાયો કરતાં વધારે દૂધ આપતી હશે.' આથી તેણે વધારે પૂછપરછ કે તપાસ ન કરતાં તે ગાયને મોં-માગ્યું મૂલ્ય આપીને ખરીદી લીધી અને ઘેર લાવ્યો.

તેની સ્ત્રી ચતુર હતી. તેણે એ ગાયને જોતાં જ પૂછયું કે 'આને કેટલાં વેતર થયાં છે?' ધણીએ કહ્યું: 'એ તો મેં

પૂછયું નથી.' સ્ત્રીએ કહ્યું: 'વારુ, એ દૂધ કેટલું આપે છે?' ધણીએ કહ્યું: 'એ પણ મેં પૂછયું નથી.' સ્ત્રીએ કહ્યું: 'તો શું એને દોહીને લીધી?' ધણીએ કહ્યું: 'ના, મેં એને દોહી પણ નથી.' સ્ત્રીએ કહ્યું: 'ત્યારે તમે શું એનું આઉ તપાસ્યું?' ધણીએ કહ્યું: 'ના, મેં એનું આઉ પણ તપાસ્યું નથી.' સ્ત્રીએ કહ્યું: 'ત્યારે તમે એને ખરીદી કેવી રીતે?' ધણીએ કહ્યું: 'બધી ગાયોમાં એ રૂષ્ટપુષ્ટ હતી અને તેનાજ ગળામાં ઘંટ બાંધેલો હતો, તેથી મેં માન્યું કે તે સહુથી વધારે દૂધ આપતી હશે એટલે મોં-માગ્યું મૂલ્ય આપીને ખરીદી લાવ્યો.' સ્ત્રીએ કહ્યું: 'તો એ બધા પૈસા પાણીમાં ગયા, કારણ કે આ ગાય તો પાંકણુ છે એટલે જરાપણ દૂધ આપશે નહિ.'

આ સાંભળીને મુગ્ધ મનુષ્ય વિમાસણમાં પડી ગયો. પછી થોડી વારે કહ્યું કે 'જો એમજ હોય તો આ ગાય આપણે બીજાને વેચી નાખીશું.' સ્ત્રીએ કહ્યું: 'પણ તમારા જેવા હૈયાફૂટા બીજા કોણ હશે કે જે વગર તપાસ્યે આ ગાયને ખરીદશે? એટલે આટલેથી જ સર્યું.'

આ રીતે મુગ્ધ મનુષ્યને ગાય માથે પડી અને તેના બધા પૈસાનું પાણી થયું.

અહીં જુદા જુદા રંગની ગાયો તે જુદા જુદા વેશવાળા ગુરુઓ સમજવા. તેમાં પાતળાપણું, મધ્યમપણું અને રૂષ્ટપુષ્ટપણું, ત્યાગ અને તપશ્ચર્યા અંગે સમજવું. જે ગુરુ આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે ત્યાગનો માર્ગ સ્વીકારે છે અને વિવિધ

પ્રકારની તપશ્ચર્યાવડે ઇંદ્રિયો તથા દેહનું દમન કરે છે તેઓ દુબળા શરીરવાળા જણાય છે; જે ગુરુઓ અતિ ઉત્સાહથી ત્યાગ માર્ગનો સ્વીકાર કરે છે પણ તપશ્ચર્યાનું જોઈએ તેવું અવલંબન લેતા નથી, તેઓ મધ્યમ શરીરવાળા જણાય છે; જ્યારે સાધુપણું લીધા પછી ત્યાગ અને વૈરાગ્યને ભૂલી જઇ મનગમતા માલમલીદા ઉડાવનાર ગુરુઓ હૃષ્ટપુષ્ટ શરીરવાળા જણાય છે. વળી આવા ગુરુઓ યુક્તિબાજ, દાંભિક તેમજ ધૂર્ત હોવાથી બાહ્ય આડંબર અતિશય રાખે છે તે ગળામાંનો સુંદર ઘંટ સમજવો. આવા ગુરુઓનું શરણ સ્વીકારવાથી તત્ત્વબોધરૂપી દૂધ મળતું નથી.

ગુણહીન ગુરુઓ કેવા હોય છે, તેનું પ્રતિબિંબ નીચેની કહેવતોમાં પડે છે.

## ‘ બાવો બેઠો જપે અને જે આવે તે ખપે. ’

ગુરુ થઇને બેઠેલા બાવાજીઓ બેઠા બેઠા ભગવાનના નામનો જાપ જપે છે, પણ ભોગ-ઉપભોગની કોઇપણ સાધન-સામગ્રી છોડતા નથી. તેમને રહેવા માટે સુંદર મઠો કે સગવડ ભરેલાં આશ્રમો જોઇએ છે. તેમને પ્રવાસ કરવા માટે હાથી, ઘોડા, પાલખી, ગાડાં, રથ, સીગરામ, ઘોડાગાડી, મોટર કે રેલ્વે જેવાં વાહનો જોઈએ છે. તેમને અંગ ઢાંકવા માટે સુંદર અને મુલાયમ રેશમી વસ્ત્રો જોઇએ છે અથવા કશબી શેલા અને દુપ્પટા જોઇએ છે. તેમને ગળામાં ફૂલનાં હાર જોઇએ છે, હાથમાં ફૂલની કલગીઓ જોઇએ છે અને સૂઈ રહેવા માટે રેશમી તળાઇઓ તથા ફૂલની પથારીઓ જોઇએ છે. વળી વાતાવરણ સ્વચ્છ રાખવા માટે

ઊંચી જાતના અત્તરો, સેન્ટો અને વિધવિધ જાતિના ધૂપો જોઇએ છે; ખાવા માટે દૂધપાક, માલપુઆ, લાડુ, પેંડા, બરફી ને બુંદી જોઇએ છે; સવારના શિરામણ તરીકે કેશરિયા દૂધ ને હલવા જોઇએ છે તથા બપોરના સૂક્ષ્મ આહાર માટે સંતરા, મોસંબી, દાડમ, સફરજન, ચીકુ વગેરે ફળો જોઇએ છે. અને સહુથી મોટી વાત એ કે તેમને ગાદી ચાલે તે માટે વારસ જોઇએ છે અને તે વારસ ઉત્પન્ન થાય તે માટે સ્ત્રી જોઇએ છે. વળી એ સ્ત્રી તથા પુત્રના ક્ષેમકુશળ માટે જમીન–જાગીર જોઇએ છે અને ઘરેણુંગાંઠું તથા રોકડ નાણું જોઇએ છે. આ રીતે 'બાવો બેઠો જપે અને જે આવે તે ખપે' એ કહેવત ગુરુના નામે ચાલેલી બૂટી બુવાબાજીનું એક બદબોભર્યું ચિત્ર રજૂ કરે છે.

**'રામ નામ જપના, પરાયા માલ અપના.'**

કેટલાક ગુરુનો વેષ ધારણ કરવાવાળા સાધુઓ મહાન મહાત્મા હોય કે પરમ ભકત હોય તે રીતે આખો દિવસ 'રામ રામ' 'સીતારામ' વગેરે શબ્દોનો ઉચ્ચાર કરે છે પણ તેમની નિયત તો ધનમાલ એકઠો કરીને મોજમજાહથી જીવન ગુજારવાની જ હોય છે. આથી તેઓ અનેક પ્રકારની ધૂર્ત વિદ્યાઓ અજમાવે છે અને લાલચુ લોકોને પોતાના પંજામાં ફસાવે છે. કોઇ માણુસની સ્થિતિ સામાન્ય જોઇને પહેલાં તો તેઓ એને મીઠા શબ્દોથી આશ્વાસન આપે છે. પછી જ્યારે પેલો માણુસ એમના પર વિશ્વાસ મૂકીને પોતાની હૈયાવરાળ ઠાલવે છે અને પોતાની આર્થિક મુશીબતોનું બ્યાન કરે છે, ત્યારે આ ગુરુઓ ધીરે રહીને એમ કહે છે કે 'એ બધાનો ઉપાય તો થઇ શકે,

પણ તમારું નશીબ હાલ બરાબર નથી.' તે વખતે નશીબને સુધારવા ઇચ્છતો તે ગરજુ એનો પણ કોઇ ઉપાય કરવાની વિનંતિ કરે છે, ત્યારે પેલા ગુરુ કહે છે કે-એ માટે અમુક ગ્રહની શાંતિ કરવી પડશે અથવા અમુક દેવ-દેવીને બલિદાન આપવું પડશે અથવા મંત્ર જપની અમુક ક્રિયામાં આટલો ખર્ચ થશે.' એટલે તે 'ભગત'ની પાસેથી અમુક રકમ પડાવે છે અને તેમાંનો મોટો ભાગ કેડે ચડાવીને થોડા પૈસાથી કાંઇક જંતરમંતર કર્યાનો દેખાવ કરે છે. પછી આ ધૂર્ત ગુરુઓનું કામ આગળ વધે છે. તેઓ પોતાની યોગસાધનાની કે મંત્રસિદ્ધિની મોટી મોટી વાતો કરે છે અને અનેક પ્રકારના ચમત્કારો કરી શકવાનું રસભર્યું વર્ણન કરે છે, તે સાંભળીને ગરજુ ભગતના મોંમાં પાણી આવે છે. આ ગુરુઓ ચલણી નોટોને બમણી બનાવી શકે છે! અને ત્રાંબાનું સોનું પણ બનાવી શકે છે! પરંતુ તેમ કરવાને પ્રારંભમાં થોડી ચલણી નોટો અને થોડા સોનાની જરૂર જણાવે છે! તેઓ જાણતા હોય છે કે ગરજુ માણસ થોડાથી સંતોષ પામવાનો નથી એટલે નોટો કે સોનું તેની શકિત પ્રમાણે વધારેમાં વધારે આપવાનો છે. પછી એક રાત્રે નોટોને બમણી બનાવવાનો પ્રયોગ કરવામાં આવે છે, જ્યારે ઘરના બધા માણસોને એક ઓરડામાં બેસી રહેવાનું આવશ્યક હોય છે. અને જ્યારે ઘરના બધા માણસો એક ઓરડામાં બેસે છે ત્યારે ગુરુજી એવી રીતે મંત્ર ભણવા લાગે છે કે તેના કેટલાક સ્ફુટ-અસ્ફુટ શબ્દો તેમના કાને પડે. પછી એ મંત્રનું ઉચ્ચારણ ધીમું પડતું જાય છે અને તે છેક જ બંધ પડી જાય છે એ જ વખતે

ઘણા ભાગે પેલા માણસવાળા ઓરડાને સાંકળ ચડી જાય છે અને ગુરુજીનો હાથ ઘરની બધી કિમ્મતી વસ્તુઓ પર ફરી વળે છે. અલબત્ત, તેઓ આ કામ ઘણું જ ચૂપકીથી અને ઘણું જ સ્ફુર્તિથી કરે છે અને જોત-જોતામાં અદૃશ્ય થઈ જાય છે ! અથવા તો ત્રાંબાનું સોનું બનાવવું હોય છે તો પહેલાં કેટલુંક સોનું આપે છે (!) અને પછી ભગત વિશેષ સોનું આપે ત્યારે ગુપ્તક્રિયા કરતાં કરતાં ગુરુજી એકદમ અદૃશ્ય થઈ જાય છે.

જે લોકોને આવી બાબતોમાં ઈતબાર હોતો નથી તેઓને ગુરુજી બીજો ચમત્કાર બતાવે છે. તેમને ગુરુજી ફીચર (અમેરિકન રૂના ભાવ બંધ રહે તેનો છેલ્લો આંકડો કે જેના પર મોટો જુગાર રમાય છે.) આપે છે, તેજીમંદી બતાવે છે અને રૂ, શેર, સોનું, ચાંદી તથા તેલીબીયાંના ઊંચા-નીચા ભાવો બતાવે છે. અલબત્ત, આ ભાવો બતાવવા માટે તેમને કેટલાક 'પ્રાથમિક ખર્ચ'ની જરૂર પડે છે અને તે 'પ્રાથમિક ખર્ચ' લીધા પછી ગુરુજી વધારે સારા ભાવો મેળવવા કોઇક ઠેકાણે સાધના કરવા ચાલ્યા જાય છે. હવે તેમની રૂખ સાચી પડે તો તેઓ તરત જ પાછા ફરે છે અને બીજી વધારે સુંદર રૂખ આપીને તેના બદલામાં વધારે 'પ્રાથમિક ખર્ચ' લે છે. પછી ભગત તે પ્રમાણે દાવ નાખે છે પરંતુ દુષ્ટ નશીબ આડું ચાલે છે અને રૂખ ખોટી જતાં ગુરુજી પોબારા ગણે છે !

જેઓને પૈસાટકાની ચિંતા હોતી નથી પણ કુટુંબનો કલેશ સતાવી રહ્યો હોય છે તેમને પણ આ ગુરુઓ સહાય

કરવા મેદાને પડે છે. આ માટે પ્રથમ તેઓ કુટુંબના માણુસો-ને જુદા જુદા પોતાની પાસે બોલાવીને શાણી સલાહ આપે છે ને પછી તેમને કોઇ તાવીજ કે દોરો બનાવી આપવાનું જણાવે છે. તેઓ સ્ત્રીને કહે છે કે ' આ તાવીજથી તમારો ધણી તમારે વશ થઈ જશે અને કોઈ દિવસ તમારું વચન ઉથાપી શકશે નહિ.' તેઓ ધણીને કહે છે કે ' આ તાવીજ એટલું ચમત્કારિક છે કે તમે એને ધારણ કરશો કે તમારી સ્ત્રી ગરીબ ગાય બની જશે અને તમારી સામે બોલવાની કદી હિમ્મત કરશે નહિં ' અથવા તેઓ પિતાને એવું કહે છે કે ' તમારો પુત્ર તમારે આધીન રહે તે જાતનું આ તાવીજ છે ' અને પુત્રને એવું કહે છે કે ' આ તાવીજ ધારણ કરવાથી પિતાની લાગણી તમારા પર વધી જશે અને તેઓ પોતાનો બધો વારસો તમને જ આપશે.' કલહથી ખદબદી (!) રહેલાં કુટુંબમાં ગુરુજીનું મહત્ત્વ વધે છે અને તેમનું કામ ધમધોકાર ચાલે છે. પછી સારી જેવી કમાણી કરીને એક દિવસ ગુરુજી વધારે યોગસાધના કરવા માટે હિમાલય તરફ પ્રયાણ કરે છે અથવા મોટી રકમ તફડાવીને એકાએક અદૃશ્ય થાય છે.

જેઓને દમ, મીઠી પેશાબ, રક્તચાપ, કોઢ, ધાતુની નબળાઈ અને નામરદી જેવા રોગો લાગુ પડયા હોય છે, તેઓને આ ગુરુ ' ચમત્કારિક દવા ' થી સારા કરી દેવાનું બીડું ઝડપે છે અને તે ' ચમત્કારિક દવા ' બનાવવા માટે ખર્ચની રકમ માગી લે છે. પછી કોઇ વનસ્પતિના મૂળનું કે પાંદડાનું ચૂર્ણ અથવા ધૂણીમાંની રાખ એક પડીકામાં આપીને શ્રદ્ધાપૂર્વક તે દવા વાપરવાનું જણાવે છે અને શ્રદ્ધાથી કોને કોને કેવો કેવો ફાયદો થયો

તેનું વિગતવાર વર્ણન કરે છે. હવે જો રોગીને કાંઇ ફાયદા જેવું જણાય તો ગુરુજી વધારે સારી દવા બનાવવા માટે બીજા પૈસા પડાવે છે અને ખાસ ફાયદો ન જણાય તો શ્રદ્ધાની ખામી જણાવી વધારે વખત દવા ચાલુ રાખવાનું જણાવે છે અને ધીમે ધીમે પૈસા પડાવતા રહે છે. એમ કરતાં જ્યારે ગુરુજીને જણાય છે કે હવે વાતમાં દમ રહ્યો નથી ત્યારે ગુરુજી કોઇ પણ તીર્થની યાત્રા કરવા ચાલ્યા જાય છે.

આ રીતે આવા ગુરુઓ ગૌશાળાના નામે, બ્રહ્મચર્યાશ્રમના નામે કે યોગાશ્રમના નામે પણ પૈસા પડાવતા જ રહે છે અને ‘ રામ નામ જપના ઔર પરાયા માલ અપના ’ એ ઉક્તિને ચરિતાર્થ કરી બતાવે છે.

## ‘ નામ ધરાવે ગુરુ અને કામ કરે બૂરું ’

કેટલાક ગુરુ નામધારીઓ ધર્મશ્રદ્ધાનો લાભ લઇને ધર્મના નામે એવા એવા સિદ્ધાંતોનો પ્રચાર કરે છે કે જે તેમની પોતાની વાસનાઓને પૂરી કરવા માટે અતિ અનુકૂળ થઇ પડે. દાખલા તરીકે તેઓ પ્રથમ ઇશ્વરના મંગલમય સ્વરૂપની વાત કરે છે, પછી તેની ભક્તિ કરવાનું સૂચન કરે છે, પછી તે માટે પ્રેમ ભરેલા હૃદયની હિમાયત કરે છે અને છેવટે પ્રેમ-લીલાનો પ્રત્યક્ષ પ્રયોગ કરે છે. અથવા તેઓ લક્ષ્મીની ચંચલ-તાની વાત કરે છે, તેના પરનો મોહ ઉતારી નાખવાની આવશ્યકતા જણાવે છે અને છેવટે તે બધું ગુરુને સમર્પણ કરી દેવાની હિમાયત કરી સેવકની બધી માલમિલકતના સ્વામી બની જાય છે. અથવા કોઇ વાર બ્રહ્મચર્યનું અત્યંત મહત્ત્વ

પ્રકાશે છે, તેનાથી ઉત્તમ સંતતિ પેદા થાય છે એ વાત સિદ્ધ કરે છે અને પોતે બ્રહ્મચારી છે એ વાત જણાવી સ્ત્રીઓને ઉત્તમ સંતતિનો લાભ મળે તે માટે તેની સાથે કુવ્યવહાર કરવાનું પણ ચૂકતા નથી.

## છ પ્રકારના કુગુરુઓ.

કુગુરુની ઓળખાણ કરાવવા માટે શાસ્ત્રકારોએ તેમને છ પ્રકારની ઉપમાઓ આપી છે, તે આ રીતેઃ (૧) સાપ જેવા, (૨) ચોર જેવા, (૩) ઠગ જેવા, (૪) વાણિયા જેવા, (૫) વાંઝણી ગાય જેવા અને (૬) નટ જેવા.

(૧) **સાપ** સ્વભાવે અતિક્રૂર હોય છે, આકારે ભયંકર હોય છે, ફુંફાડો મારીને ડરાવનાર હોય છે તથા લાગ મળતાં ડંખ મારીને પ્રાણનો નાશ કરે છે. તે જ રીતે જે ગુરુઓ સ્વભાવે અતિ ક્રૂર હોય, આકારમાં ભયંકર હોય, શાપ વગેરે આપવાના ભયથી ડરાવનાર હોય અને લાગ મળતાં લોકોનું સર્વસ્વ હરણ કરે, તેમને સાપ જેવા જાણવા.

(૨) **ચોર** લોકો યુક્તિ-પ્રયુક્તિથી કે ડરાવીને ધનમાલ લૂંટી જાય છે અને વખતે પ્રાણની પણ હાનિ કરે છે. તે જ રીતે જે ગુરુઓ યુક્તિ-પ્રયુક્તિથી કે શાપ વગેરેના ભયથી લોકોનાં ધનમાલ લૂંટી લે છે તથા ધર્મરૂપી પ્રાણનું પણ હરણ કરે છે, તેમને ચોર જેવા જાણવા.

(૩) **ઠગ** લોકો અનેક જાતની કપટ ક્રિયાઓ કરીને લોકોના ધનમાલ તથા પ્રાણ હરી લે છે. તેવી રીતે જે ગુરુઓ સાધુતાનો ડોળ રાખે છે, પણ હૃદયથી નાસ્તિક હોય છે અને

અનેક પ્રકારના દંભ કરીને લોકોના ધનમાલ તથા ધર્મરૂપી પ્રાણનું હરણ કરી લે છે, તેમને ઠગ જેવા સમજવા.

(૪) **વાણિયો** મૂલ્ય લીધા વિના કોઇ વસ્તુ આપતો નથી. વળી ગ્રાહકોને મીઠા શબ્દોથી સંબોધે છે અને તેમને બીજી દુકાને જવા દેતો નથી. પછી તેમને સરલતાથી લૂંટે છે. તે જ રીતે જે ગુરુઓ કોઈ પણ પ્રકારનું મૂલ્ય લઇને ધર્મનો ઉપદેશ કરે છે તથા ધાર્મિક ક્રિયાઓ કરાવે છે અને ખુશામતભર્યા શબ્દોથી લોકોને પોતાના તરફ આકર્ષી પોતાનું શાસન ચલાવે છે, તેમને વાણિયા જેવા સમજવા.

(૫) **વાંઝણી ગાય** હમેશાં ઘાસ વગેરે ખાય છે, પરંતુ દૂધ આપતી નથી. તેવી રીતે જે ગુરુઓ હમેશા સારાં સારાં આહાર-પાણી તથા વસ્ત્ર-વાનાં ગ્રહણ કરે છે અને લોકોનાં પૂજા-સત્કાર વગેરે પામે છે, પરંતુ સત્ય ધર્મનો ઉપદેશ કરી લોકોના હૃદયમાં ધર્મશ્રદ્ધા, ધર્મજ્ઞાન અને ધર્માચરણને પ્રકટાવતા નથી, તેમને વાંઝણી ગાય જેવા સમજવા.

૬. **નટ** લોકો અનેક પ્રકારનાં અભિનયો કરીને હાસ્ય, વૈરાગ્ય, શૃંગાર, કરુણા આદિ રસોની લોકહૃદયમાં જમાવટ કરે છે, પરંતુ તે પોતે એ બધાથી અલિપ્ત રહે છે. તેવી રીતે જે ગુરુઓ શાસ્ત્રમાં વર્ણવેલાં વિવિધ ધર્મસાધનોનો છટાપૂર્વક બોધ કરે છે, પરંતુ પોતાના જીવનમાં તેમાંનું કાંઇપણ ઉતારતા નથી, તેમને નટ જેવા સમજવા.

આવા કુગુરુઓ પોતે ડૂબે છે તથા ભક્તોને પણ ડૂબાવે છે;

તેથી તેમનું શરણુ સ્વીકારવું એ જાણીને વિષનું ભક્ષણુ કરવા સમાન કે અગ્નિમાં પ્રવેશ કરવા સમાન છે.

## કુગુરુની વ્યાખ્યા.

પરિસ્થિતિ આવી હોવાથી જ શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે:—

सर्वाभिलाषिणः सर्वभोजिनः सपरिग्रहाः ।
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु ॥
परिग्रहारंभमग्नास्तारयेयुः कथं परान् ।
स्वयं दरिद्रो न परमीश्वरीकर्त्तुमीश्वरः ॥

જેમને ધન, ધાન્ય, સોનું, રૂપું, ધાતુ, ક્ષેત્ર, હાટ, હવેલી, અનેક પ્રકારના પશુઓ અને સ્ત્રીની અભિલાષા છે; જે મધુ, માંસ, મદિરા, અનંતકાય, અભક્ષ્યાદિક સર્વ વસ્તુઓનું ભોજન કરનારા છે; જે પુત્ર, કલત્ર, ધન, ધાન્ય, સુવર્ણ, રૂપું, હીરા, મોતી તથા ક્ષેત્ર વગેરેનો પરિગ્રહ રાખનારા છે, જે અબ્રહ્મચારી છે; અને જે મંત્ર, તંત્ર, વૈદક, નિમિત્ત, જ્યોતિષ આદિનો ઉપદેશ કરે છે તથા જૂઠા ધર્મનો પ્રચાર કરે છે, તે ગુરુઓ નથી–ગુરુપદને યોગ્ય નથી.

જેઓ માલમિલકત અને પૈસાટકાનો સંગ્રહ કરવામાં તથા અનેક પ્રકારની સાંસારિક પ્રવૃત્તિઓ કરવામાં મગ્ન છે, તે બીજાઓને કેવી રીતે તારી શકે? જે સ્વયં દરિદ્ર છે તે બીજાને લક્ષ્મીવંત કરવાને સમર્થ થતો નથી.

: ૩ :

# સદ્‌ગુરુ

જન્મ, જરા અને મૃત્યુની ભયાનકતાથી ભય પામેલાં જગતના જીવોને સાચું શરણુ આપી શકે તેવી વસ્તુઓ ચાર છે: (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) સાધુ અને (૪) કેવલી-પ્રણીત ધર્મ. તેથી જ મુમુક્ષુઓ વડે નિરંતર કહેવાય છે કે:—

“ चत्तारि सरणं पवज्जामि ।
अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवलीपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥ ”

‘ હું ચારનું શરણુ અંગીકાર કરું છું. અરિહંતનું શરણુ અંગીકાર કરું છું. સિદ્ધનું શરણુ અંગીકાર કરું છું. સાધુનું શરણુ અંગીકાર કરું છું. કેવલી ભગવંતોએ કહેલા ધર્મનું શરણુ અંગીકાર કરું છું. ’

આ ચાર શરણોમાં પહેલું અને બીજું શરણ સદ્દેવનું, ત્રીજું શરણ સદ્‌ગુરુનું છે અને ચોથું શરણ સદ્ધર્મનું છે; તેથી એમ કહેવું પણ ઉચિત જ છે કે 'આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસારસાગરને તારનારી વસ્તુઓ ત્રણ છેઃ '(૧) સદ્દેવ, (૨) સદ્‌ગુરુ અને (૩) સદ્ધર્મ.'

સદ્ધર્મનું પ્રવર્ત્તન સદ્દેવદ્વારા થાય છે અને તેની અવિચ્છિન્ન પરંપરા સદ્‌ગુરુ વડે જ જળવાઈ રહે છે; તેથી એમ કહેવું પણ યોગ્ય જણાય છે કે 'અશાંતિની આગમાં તરફડી રહેલી આ દુનિયાને સાચો આધાર સદ્દેવ અને સદ્‌ગુરુનો છે.'

સદ્દેવની અસાધારણ મહત્તા તેમના જગદ્‌ગુરુત્વ કે પરમ ગુરુત્વને લીધે જ માનવામાં આવી છે; તેથી એમ કહેવું પણ સર્વથા સંગત જ છે કે 'સકલ દુઃખોનો અંત સદ્‌ગુરુના શરણથી આવે છે.' અને તેમ હોવાથી અનુભવીઓનું એ કથન સાર્થક ઠરે છે કે–

'જો સદ્‌ગુરુનું શરણ જ મળે,
તો જન્મ, જરા ને મૃત્યુ ટળે.'

## ૭ પ્રકારનાં સદ્‌ગુરુઓ.

સદ્‌ગુરુની ઓળખાણ કરાવવા માટે શાસ્ત્રકારોએ તેમને ૭ પ્રકારની ઉપમાઓ આપી છે. તે આ રીતે (૧) ગાય જેવા, (૨) મિત્ર જેવા, (૩) બંધુ જેવા, (૪) પિતા જેવા, (૫) માતા જેવા અને (૬) કલ્પવૃક્ષ જેવા.

( ૧ ) **ગાય** ઘાસ, અનાજ વગેરે વસ્તુઓ ખાય છે; તેના બદલામાં તે દૂધ, દહીં, છાશ અને ઘી જેવી ઉપયોગી વસ્તુઓ આપે છે. વળી વર્ષે-બે વર્ષે નવાં વાછરડાંને જન્મ આપતી રહે છે, તેથી માલિકની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. તેવી રીતે જે ગુરુઓ ગૃહસ્થ તરફથી સૂઝતા આહાર-પાણી અને વસ્ત્ર-ઉપકરણ વગેરે મેળવીને તેમને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ધર્મના મૂળ તત્ત્વો સમજાવે છે તથા હેતુ, યુક્તિ અને દૃષ્ટાંતોવડે તેમના હૃદયમાં ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા ઉત્પન્ન કરી તેમની આત્મસમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો કરતા રહે છે, તેમને ગાય જેવા સમજવા.

( ૨ ) **મિત્ર** પોતાના મિત્રને લક્ષ્મીની લાલચ વિના કે બીજા કોઈ પણ જાતનો સ્વાર્થ સાધવાની ભાવના વિના માત્ર હિતબુદ્ધિથી જ સલાહ-શિખામણ આપે છે અને તેને યોગ્ય માર્ગે પ્રવર્ત્તાવે છે, વળી કોઈ મુશીબત, મુશ્કેલી કે આફતનો પ્રસંગ આવી પડે તો તેમાંથી તેને બચાવવાનો પ્રયત્ન કરે છે. તેવી રીતે જે ગુરુઓ કોઈ પણ પ્રકારની લાલચ કે સ્વાર્થ સાધવાની ભાવના વિના માત્ર હિતબુદ્ધિથી જ ધર્મનો ઉપદેશ કરી મુમુક્ષુઓને યોગ્ય માર્ગે પ્રવર્ત્તાવે છે અને તેઓ પર અજ્ઞાન, મોહ, કામ, ક્રોધ વગેરે આંતરિક શત્રુઓનો હલ્લો થતાં તેમાંથી તેમને ઉગારવાનો પ્રયત્ન કરે છે, તેમને મિત્ર જેવા સમજવા.

( ૩ ) **બંધુ** હમેશાં સ્નેહપૂર્ણ હૃદયવાળો હોય છે અને પોતાના બંધુને અવસરોચિત સલાહ-શિખામણ આપે છે.

વળી તેમ કરવામાં તે બંધુ તરફથી ભક્તિ કે વિનયની અપેક્ષા રાખતો નથી. તેવી રીતે જે ગુરુઓ મુમુક્ષુઓ પ્રત્યે અકૃત્રિમ સ્નેહવાળા હોય છે અને ભક્તિ કે વિનયની અપેક્ષા રાખ્યા વિના જ અવસરોચિત સલાહ-શિખામણ આપે છે, તેમને બંધુ જેવા સમજવા

(૪) **પિતા** એકાંત પ્રેમને ધારણ કરનારો હોય છે તથા પોતાના પુત્રને શિખામણ અને તાડન વડે સુશિક્ષિત કરી ઉચ્ચ સ્થિતિ પમાડે છે, તેવી રીતે જે ગુરુઓ એકાંત હિતબુદ્ધિ રાખીને શિખામણ અને ઠપકો આપવા વડે મુમુક્ષુઓને સુ-શિક્ષિત કરે છે અને ક્રમશઃ ઉન્નતિના માર્ગે લઈ જાય છે, તેમને પિતા જેવા સમજવા.

(૫) **માતા** અત્યંત વાત્સલ્યભાવને ધારણ કરનારી હોય છે અને અનેક ઉપાયો વડે પોતાના પુત્રનું હિત કરવાને સદા મથનારી હોય છે, તેવી રીતે જે ગુરુઓ મુમુક્ષુઓ પ્રત્યે અત્યંત વાત્સલ્ય ભાવ રાખીને અનેક ઉપાયો વડે તેમનું હિત કરવાને મથે છે, તેમને માતા જેવા સમજવા.

(૬) **કલ્પવૃક્ષ** સર્વ મનોરથોને પૂર્ણ કરે છે, તેવી રીતે ગુરુઓ મુમુક્ષુઓના મોક્ષને લગતા સર્વ મનોરથો પૂર્ણ કરે છે, તેમને કલ્પવૃક્ષ જેવા સમજવા.

આ છ પ્રકારના સદ્‌ગુરુઓ કાષ્ઠ-નૌકાની જેમ પોતે સંસાર-સાગરને તરી જાય છે અને મુમુક્ષુઓને પણ સંસાર-સાગરમાંથી તારે છે, માટે તેમનું શરણ સ્વીકારવા યોગ્ય છે.

## સદ્ગુરુની વ્યાખ્યા

શાસ્ત્રકારોએ સદ્ગુરુની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે.

" महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥ "

( ૧ ) જેઓ મહાવ્રતોને ધારણ કરનારા છે, ( ૨ ) સહનશીલ છે, ( ૩ ) ભિક્ષા ઉપર જીવનારા છે, ( ૪ ) સામાયિકમાં ( સમભાવમાં ) રહેનારા છે અને ( ૫ ) ધર્મનો ઉપદેશ કરનારા છે, તેઓ ગુરુ કહેવાય છે.

## મહાવ્રતોને ધારણ કરનારા.

( ૧ ) ગુરુપદની પ્રથમ યોગ્યતા એ છે કે તેઓ નીચેનાં પાંચ મહાવ્રતોને ધારણ કરનારા હોવા જોઇએઃ—

१ प्राणातिपात-विरमण-व्रत—પ્રાણનો અતિપાત [વિયોગ] કરતાં અટકવાનું વ્રત-અહિંસા વ્રત.

२ मृषावाद-विरमण-व्रत—મૃષાવાદ [ અસત્યવાદ ] કરતાં અટકવાનું.

३ अदत्तादान-विरमण-व्रत-અણુદીધી વસ્તુ નહિ લેવાનું વ્રત-અસ્તેય-વ્રત.

४ मैथुन-विरमण-व्रत-મૈથુન [સ્ત્રી-પુરૂષનો સંયોગ] કરતાં અટકવાનું વ્રત-બ્રહ્મચર્ય-વ્રત.

५ परिग्रह-विरमण-व्रत-પરિગ્રહ [ ધન-ધાન્ય વગેરેનો સંચય ] કરતાં અટકવાનું વ્રત-નિષ્કિંચન વ્રત.

જેણે અહિંસા-વ્રત ધારણ કર્યું છે તે કોઇના પ્રાણની હાનિ કરે નહિ, કોઈને દુઃખ આપે નહિ, કોઈને સતાવે નહિ, કોઈનું બૂરું તાકે નહિ કે કોઇના અહિતમાં રાજી થાય નહિ. તે જ રીતે કોઈના ભોગે પોતાનો સ્વાર્થ સાધવાની ઈચ્છા રાખે નહિ.

જેણે સત્ય-વ્રત ધારણ કર્યું છે તે ગાળો બોલે નહિ, કઠોર વાણીનો પ્રયોગ કરે નહિ, અહિતકર વચન ઉચ્ચારે નહિ તથા તથ્યથી રહિત હકીકત રજૂ કરે નહિ. તે જ રીતે કોઇને છેતરવાની કે બનાવવાની બુદ્ધિ રાખે નહિ.

જેણે અસ્તેય વ્રત ધારણ કર્યું છે તે કોઈની કોઇ પણ પ્રકારની વસ્તુ ચોરે નહિ કે તેના માલિકે રાજીખુશીથી આપ્યા વિના કોઈ પણ વસ્તુ ગ્રહણ કરે નહિ.

જેણે બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું છે તે કોઈ પણ પ્રકારનું મૈથુન સેવે નહિ તથા કોઈની મા-બેન કે વહુ-બેટી પર કુદૃષ્ટિ કરે નહિ, પરંતુ મોટી તેટલી માતા અને નાની તેટલી બહેનો ગણે.

જેણે નિષ્કિંચન-વ્રત ધારણ કર્યું છે તે પોતાના થકી કોઈ પણ પ્રકારની માલમિલકત કે ધનદોલત એકઠી કરે નહિ કે પાસે રાખે નહિ. તેમજ તેના પર મમત્વ ધારણ કરે નહિ.

વ્રતનું પાલન કરવાની રીત પરથી તેના બે પ્રકારો પડે છેઃ (૧) દેશ અથવા સામાન્ય અને (૨) સર્વ અથવા મહા. તેમાં જે વ્રતમાં કોઇપણ પ્રકારનો અપવાદ કે છૂટ રાખવામાં

આવે છે તે દેશ અથવા સામાન્ય કહેવાય છે અને જે વ્રતમાં કોઇપણ પ્રકારનો અપવાદ કે છૂટ રાખવામાં આવતી નથી તે સર્વ અથવા મહા કહેવાય છે. દાખલા તરીકે એવું વ્રત ધારણ કરવામાં આવે કે ' હું સામાન્ય રીતે સર્વ સંયોગોમાં અહિંસાનું પાલન કરીશ પણ કોઇ અસાધારણ સંયોગો ઊભા થાય અને મારા પોતાના પ્રાણ જવાનો વખત આવે તો મને આક્રમકનો સામનો કરવાની છૂટ રહેશે ' તો એ વ્રત દેશ અથવા સામાન્ય કહેવાય; અને એવું વ્રત ધારણ કરવામાં આવે કે ' હું સર્વ સંયોગોમાં અહિંસાનું પાલન કરીશ ' તો એ સર્વ કે મહા કહેવાય. આ વાતની વધારે સ્પષ્ટતા મહામુનિ મેતાર્યની જીવનકથા જાણવાથી થઇ શકશે.

## મહામુનિ મેતાર્યનું દષ્ટાંત.

ક્ષત્રિયપુત્ર મેતાર્યે સંસારના સર્વ કામભોગોને અસાર જાણી એક દિવસ ગૃહનો ત્યાગ કર્યો અને ગુણિયલ ગુરુરાજ આગળ પાંચ મહાવ્રતો ધારણ કરી સાધુજીવનની દીક્ષા અંગીકાર કરી. તેમનો વૈરાગ્ય ઉત્કટ હતો, તેમનો ત્યાગ અસાધારણ હતો, તેમને કોઈ પણ ભૌતિક વસ્તુ પર માયા–મમતા રહી ન હતી. તેઓ દેહને દમવા માટે તથા મનને મારવા માટે બાહ્ય તેમજ અભ્યંતર તપશ્ચર્યાઓ કરતા અને દિવસ તથા રાત્રિનો ઘણોખરો ભાગ સ્વાધ્યાય અને ધ્યાનમાં પસાર કરતા.

એક વખત એક મહિનાના ઉપવાસને પારણે તેઓ સૂઝતો આહાર લેવાને નીકળ્યા અને સાધુજીવનના નિયમ પ્રમાણે ગોચરી

ફરતાં ફરતાં એક સોનીને ત્યાં 'ધર્મલાભ' કહીને ઊભા રહ્યા. એ વખતે સોની જવના આકારના સોનાના દાણા ઘડી રહ્યો હતો અને તેને બને તેટલા સુંદર બનાવવા માટે કાળજીપૂર્વક મથી રહ્યો હતો. તેણે 'ધર્મલાભ' શબ્દ સાંભળ્યો એટલે પોતાના કામમાંથી માથું ઊંચું કર્યું અને પોતાની સામે એક સાધુ–મહાત્માને ઊભેલા જોઇને હાથ જોડ્યા. પછી ઊભા થઇને તેણે આ મહાત્માને પોતાને ત્યાંથી આહાર–પાણી ગ્રહણ કરવાની વિનંતિ કરી અને તે લેવા સારૂ બાજુમાં આવેલા પોતાના ઘરની અંદર દાખલ થયો.

હવે બન્યું એવું કે તે જ વખતે એક ક્રૌંચ પક્ષી ત્યાં આવ્યું અને સોનાના જવને સાચા જવ સમજીને તેને ચણી ગયું. પછી તે ઊડીને પાસેના ઝાડ પર બેસી ગયું. આ બનાવ બની ગયા પછી થોડી વારે પેલો સોની ભિક્ષાને યોગ્ય કેટલીક વસ્તુઓ લઇને ઘરમાંથી બહાર આવ્યો અને જુએ છે તો ત્યાં એક પણ જવલો મળે નહિ. આથી તેના પેટમાં ફાળ પડી અને તેણે મુનિવરને પૂછ્યું કે 'મારા ગયા પછી અહીં કોઇ આવ્યું હતું ?'

મહામુનિ મેતાર્યે જે કંઈ બની ગયું તે બધું નજરોનજર જોયું હતું પણ આ પ્રશ્નનો જવાબ આપતાં એક જીવની હાનિ થાય તેમ હતું, કારણ કે તેઓ ક્રૌંચ પક્ષી આવ્યાની અને તે ઝાડે બેઠાની વાત કરે તો સોની તે પક્ષીને મારી નાખી, તેનું પેટ ચીરીને પણ જવલા કાઢ્યા વિના રહે નહિ. તેથી તેમણે એ પ્રશ્નનો કાંઇ પણ જવાબ ન આપતાં મૌન ધારણ કર્યું.

પોતાના પ્રશ્નનો કાંઇ પણ જવાબ ન મળ્યો એટલે સોનીએ વિચાર્યું કે 'સોનું દેખી મુનિવર ચળે' એ વાત સાચી લાગે છે. હું અંદર ગયો એટલે આ મહાત્માએ જવલા ચોરી લીધા અને કોઈક જગાએ સંતાડી દીધા. હવે પોતાના મોઢેથી એનો એકરાર કરતાં શરમાય છે એટલે મૂંગા રહ્યા છે. અન્યથા મારા પ્રશ્નનો જવાબ કેમ ન આપે?' અને તેણે ફરીને પૂછયું કે 'ઓ મહાત્મા! હું ઘરમાં ગયો ત્યારે સોનાના જવલા અહીં મૂકીને ગયો હતો અને ઘરમાંથી બહાર આવું છું કે તેમાંનો એક પણ જવલો દેખાતો નથી. તો હકીકત શું બની છે, તેનો કૃપા કરીને જવાબ આપો. આપ તો અહીં હું અંદર ગયો ત્યારના જ ઊભેલા છો.' પરંતુ મહામુનિ મેતાર્યે તેનો ઉત્તર આપવા માટે પોતાના હોઠ ખોલ્યા નહિ અને તેઓ શાંત તથા સ્વસ્થ ચિત્તે ત્યાં ઊભા રહ્યા.

આ જોઇને સોનીનો વહેમ પાકો થયો. 'જો પોતે જ ચોર ન હોય તો જવાબ આપવામાં વાંધો શું? વળી આટલી વારમાં બીજું કોઇ આવે કોણ? અને કદાચ આવે તો પણ આ સાધુ–મહાત્માની હાજરીમાં તેને ઉઠાવી જવાની હિમ્મત કેમ કરે? એટલે એ વાત નક્કી છે કે આ કામ આ મહાત્માના હાથે જ થયું છે. અને તેણે પોતાના જવલા કઢાવવાને માટે ઉગ્ર રૂપ ધારણ કર્યું. તેણે મહામુનિ મેતાર્યને ઉદ્દેશીને કહ્યું: 'હું તો માનતો હતો કે આપ કોઈ સાધુ મહાત્મા લાગો છો અને નિર્દોષ ભિક્ષા વડે આજીવિકા ચલાવો છો, પણ હવે જણાય છે કે તમે સાધુતાના સ્વાંગ નીચે છુપાયેલા એક શેતાન છો અને અમારા જેવા ગરીબનાં ગળાં રેંસી નાખતા જરાયે

અચકાતા નથી, તો મારે પણ તમને કાંઇક ચમત્કાર બતાવવો પડશે. તે સિવાય તમે માનો તેમ લાગતું નથી.'

આવી કર્ણકઠોર વાણી સાંભળવા છતાં મહામુનિ મેતાર્યની શાંતિ કે સ્વસ્થતાનો ભંગ થયો નહિ, કારણ કે તેમણે ગુસ્સાને સદંતર ગાળી નાખ્યો હતો અને માનને તદ્દન મારી નાખ્યું હતું. તેઓ પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા.

આથી અત્યંત ક્રોધાયમાન થયેલા તે સોનીએ ચામડાની એક લીલી વાધરી તેમના મસ્તક પર જોરથી બાંધી અને તેમને લઈ જઇને તડકામાં ઊભા રાખ્યા. આ વખતે મહામુનિ મેતાર્ય પોતાના આત્માને કહેવા લાગ્યા કે 'હે જીવ! બળિયો થા. તું આ ઉપસર્ગથી જરા પણ ગભરાઇશ નહિ. આ કરતાં અનેકગણા ભયંકર ઉપસર્ગો તેં ભૂતકાળમાં વિના સમજ્યે સહન કર્યાં છે, તો આ ઉપસર્ગ તું સમજણપૂર્વક સહન કરી લે. વળી આ તારા તપ અને ત્યાગની કસોટી છે, તારા મહાવ્રતોની મહાપરીક્ષા છે, તો તેમાં જરા પણ પાછો હઠીશ નહિ.' અને તેઓ ધર્મધ્યાનમાં સ્થિર થયા.

તડકો જોરથી પડી રહ્યો હતો. તેના તાપથી વાધરી સંકોચાવા લાગી અને મસ્તકના સ્નાયુઓને જોરથી ભીંસવા લાગી. શરીરનાં અન્ય ગાત્રો પણ બેશુમાર તાપથી-ભઠ્ઠીમાં અનાજ શેકાય' તેમ-શેકાવા લાગ્યાં. પરંતુ મહામુનિ મેતાર્યે જરા પણ ઉંકારો કે અરેકારો કર્યો નહિ. તેઓ તો ધર્મધ્યાનમાં જ મગ્ન રહ્યા.

એમ કરતાં વાધરી વધારે સંકોચાણી અને મસ્તકના સ્નાયુઓ પરનું દબાણ ભયંકર રીતે વધી ગયું એટલે તે

મહામુનિની આંખ મસ્તકમાંથી બહાર નીકળી ગઇ અને ખોપરી ફાટી જતાં તેઓ નિર્વાણ પામ્યા.

આ જ વખતે કોઈ કઠિયારણે સોનીને ત્યાં આવીને પોતાના માથા પરની લાકડાની ભારી જમીન પર પછાડી અને તેના અવાજને લીધે ચમકી ગયેલું ક્રૌંચ પક્ષી ચરકી પડતાં તેમાંથી સોનાના જવલા બહાર નીકળી આવ્યાં. આ દૃશ્ય જોતાં જ સોનીને ભયંકર પશ્ચાત્તાપ થયો કે 'મેં મહામૂર્ખે આ શું કર્યું ? એક નિર્દોષ મહામુનિની હત્યામાંથી હું કેવી રીતે છૂટીશ ? અને રાજ્યને ખબર પડશે તો મારી શી વલે થશે ?' એટલે તેણે મુનિના મડદાંને ઠેકાણે પાડી દીધું અને તેમનો જ સાધુનો વેશ પહેરીને ચાલી નીકળ્યો. એ વેશ કાયમ તેના શરીર પર રહ્યો અને તેણે પણ આકરો સંયમ પાળીને પોતાના આત્માની શુદ્ધિ કરી.

કહેવાનું તાત્પર્ય એ છે કે-જેઓ મહાવ્રતને ધારણ કરે છે તેઓ કોઇ પણ અપવાદ સિવાય તેનું અણિશુદ્ધ પાલન કરે છે અને પ્રાણાંતે પણ તેનો ભંગ કરવાને તૈયાર થતા નથી.

## સહનશીલ.

( ૨ ) ગુરુપદની બીજી યોગ્યતા એ છે કે તેઓ નીચેના બાવીશ પરીષહોને સહન કરનારા હોવા જોઈએઃ—

(૧) ક્ષુધાનો પરીષહ, (૨) તૃષાનો પરીષહ, (૩) ટાઢનો પરીષહ, (૪) તાપનો પરીષહ, (૫) ડાંસ-મચ્છરનો પરીષહ, (૬) અવસ્ત્રનો પરીષહ, (૭) અપ્રીતિનો પરીષહ, (૮) સ્ત્રીનો પરીષહ, (૯) ગમનનો પરીષહ, (૧૦) બેઠકનો પરીષહ, (૧૧)

શય્યાનો પરીષહ (૧૨) આક્રોશ વચનનો પરીષહ (૧૩) વધનો પરીષહ, (૧૪) યાચનાનો પરીષહ, (૧૫) અલાભનો પરીષહ, (૧૬) રોગનો પરીષહ, (૧૭) તૃણસ્પર્શનો પરીષહ, (૧૮) મેલનો પરીષહ, (૧૯) સત્કારનો પરીષહ, (૨૦) બુદ્ધિનો પરીષહ (૨૧) અજ્ઞાનનો પરીષહ અને (૨૨) દર્શનનો પરીષહ.

૧. દેહ ભૂખથી ઘેરાયેલો હોય, શ્વાસોચ્છ્વાસ ધમણની જેમ ચાલતો હોય અને સર્વ અંગો કાગડાની ટાંગ જેવા દુર્બલ થઇ ગયાં હોય છતાં ચિત્તને પ્રસન્ન રાખવું અને સૂઝતો આહાર મળે તો જ ગ્રહણ કરવો એ **ક્ષુધાનો પરીષહ** સહન કર્યો ગણાય છે.

૨. દેહ તૃષાથી પીડાતો હોય, મુખ અત્યંત સૂકાતું હોય અને જીભ તાળવે ચોટતી હોય છતાં જરાએ દીનતા ધારણ કર્યા વિના સૂઝતું પાણી મળે ત્યારે જ તેનો ઉપયોગ કરવો, એ **તૃષાનો પરીષહ** સહન કર્યો ગણાય છે.

૩. ઠંડી કડકડીને પડતી હોય, હાથ-પગ ઠરી જતાં હોય અને શરીર આખું ધ્રૂજતું હોય, છતાં અગ્નિની હૂંફ ન ઇચ્છતા ધારણ કરેલાં જીર્ણ-શીર્ણ વસ્ત્રોથી જ ચલાવી લેવું, એ **ટાઢનો પરીષહ** સહન કર્યો ગણાય છે.

૪. ઘામ ધખી રહી હોય, તાપ સખત પડતો હોય અને ઊનો ઊનો પવન શરીરને શેકી નાખતો હોય છતાં સ્નાનની, શીતલતાની કે પંખા વગેરેની ઇચ્છા ન કરતાં જેવી સ્થિતિ હોય તેવી સ્થિતિથી જ ચલાવી લેવું, એ **તાપનો પરીષહ** સહન કર્યો ગણાય છે.

૫. વરસાદની ઋતુમાં ડાંસ-મચ્છર કરડવા લાગે અથવા ધ્યાન ધરતી વખતે ક્ષુદ્ર જંતુઓ લોહી-માંસ ખાવા લાગે છતાં તેમને હણવાનો કે વારવાનો પ્રયત્ન ન કરતાં સમભાવમાં રહે, તે **ડાંસ મચ્છરનો પરીષહ** સહન કર્યો ગણાય છે.

૬. **અચેલ પરીષહ**—વસ્ત્ર સર્વથા ન મળે, અથવા જીર્ણ-પ્રાય મળે, તો પણ દીનતા ન ચિંતવે, તેમજ ઉત્તમ બહુ-મૂલ્યવાન વસ્ત્ર ન ઇચ્છે, પરન્તુ અલ્પ મૂલ્યવાળું જીર્ણ વસ્ત્ર ધારણ કરે તે **અચેલ પરીષહ.**

૭. **અરતિ પરીષહ**—અરતિ એટલે ઉદ્વેગભાવ, સાધુને સંયમમાં વિચરતાં જ્યારે અરતિનાં કારણ બને, ત્યારે સિદ્ધાન્તમાં કહેલાં ધર્મસ્થાનો ભાવવા, પરન્તુ ધર્મ પ્રત્યે ઉદ્વેગભાવ ન કરવો, કારણ કે ધર્માનુષ્ઠાન તે ઇન્દ્રિયોના સંતોષ માટે નથી, પરન્તુ ઇન્દ્રિયોના અને આત્માના દમન માટે છે, તેથી ઉદ્વેગ ન પામવો, તે **અરતિ પરીષહ**નો જય કર્યો કહેવાય.

૮. **સ્ત્રી પરીષહ**—સ્ત્રીઓને સંયમમાર્ગમાં વિઘ્ન કરનાર જાણીને તેમને સરાગ દૃષ્ટિએ ન જોવી, તેમજ સ્ત્રી પોતે વિષયાર્થે નિમંત્રણા કરે તો પણ સ્ત્રીને આધીન ન થવું, તે **સ્ત્રી પરીષહ**નો વિજય કહેવાય, તેમજ સાધ્વીને પુરુષ પરીષહ આમાં અંતર્ગત સમજવો.

૯. **ચર્યા પરીષહ**—ચર્યા એટલે ચાલવું, વિહાર કરવો, અર્થાત્ મુનિએ એક સ્થાને અધિક કાળ ન રહેતાં માસકલ્પની મર્યાદા પ્રમાણે ( ૮ શેષકાલના અને ૧ વર્ષાકાલના ચોમાસાનો

એ રીતે) નવકલ્પી વિહાર કરવો પણ તેમાં આળસ ન કરવું, તે **ચર્યા પરીષહ**નો વિજય કહેવાય.

૧૦. **નૈષેધિકી**—શૂન્યગૃહ, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા ઈત્યાદિ સ્થાનોમાં રહેવું અને ત્યાં પ્રાપ્ત થતાં ઉપસર્ગોથી ચળાયમાન ન થવું અથવા સ્ત્રી, પશુ, નપુંસક આદિ રહિત અને સંયમના નિર્વાહ યોગ્ય સ્થાનમાં રહેવું, તે નૈષેધિકી પરીષહ છે. પાપ અથવા ગમનાગમનનો નિષેધ જેમાં છે, તે નૈષેધિકી એટલે સ્થાન કહેવાય, આનું બીજું નામ **નિષદ્યા પરીષહ** અથવા **સ્થાન પરીષહ** પણ કહેવાય.

૧૧. **શય્યા પરીષહ**—ઊંચી નીચી ઈત્યાદિ પ્રતિકૂળ શય્યા મળવાથી ઉદ્વેગ ન કરે તેમજ અનુકૂળ શય્યા મળવાથી હર્ષ ન કરે, તે **શય્યા પરીષહ.**

૧૨. **આક્રોશ પરીષહ**—મુનિનો કોઇ અજ્ઞાની મનુષ્ય તિરસ્કાર કરે તો મુનિ તે તિરસ્કાર કરનાર પ્રત્યે દ્વેષ ન કરે, પરન્તુ તેને ઉપકારી માને, તે આક્રોશ પરીષહ જીત્યો ગણાય.

૧૩. **વધ પરીષહ**—સાધુને કોઇ અજ્ઞાની પુરુષ દંડ, ચાબૂક આદિકથી આકરા પ્રહાર કરે, અથવા વધ પણ કરે તો પણ સ્કંધક સૂરિના ઘાણીમાં પીલાતા ૫૦૦ શિષ્યોની પેઠે વધ કરનાર ઉપર દ્વેષ ન કરતાં ઉલટો મોક્ષમાર્ગમાં ઉપકારી છે, એમ માને, અને એવી ભાવના ભાવે કે કોઇ જીવ મને (મારા આત્માને) હણી શકતો નથી, પુદ્‌ગલરૂપ શરીરને હણે છે, અને તે શરીર તો મારાથી ભિન્ન છે, શરીર તે હું નથી અને હું તે શરીર નથી, તથા મને આ પુરુષ જે દુઃખ આપે છે,

તે પણ પૂર્વ બાંધેલા કર્મનો ઉદય છે, જો તેમ ન હોય, તો એ પુરુષ મને છોડીને બીજાને કેમ હણતો નથી ? આ હણનાર તો કેવળ નિમિત્ત માત્ર છે, ખરું કારણ તો મારાં પૂર્વ ભવનાં કર્મ જ છે ઇત્યાદિ શુભ ભાવના ભાવે, તે **વધ પરીષહ** જીત્યો કહેવાય.

૧૪. **યાચના પરીષહ**—સાધુ કોઇ પણ વસ્તુ ( તૃણ, ઢેકું ઇત્યાદિ પણ ) માગ્યા વિના ગ્રહણ ન કરે, એવો તેમનો ધર્મ છે, તેથી હું રાજા છું, ધનાઢય છું, તો મારાથી બીજા પાસે કેમ માગી શકાય ? ઈત્યાદિ માન અને લજ્જા ધારણ કર્યા વિના ઘેર ઘેર ભિક્ષા માગવી તે **યાચના પરીષહ** જીત્યો કહેવાય.

૧૫. **અલાભ પરીષહ**—માન અને લજ્જા છોડીને ઘેર ઘેર ભિક્ષા માગવા છતાં પણ વસ્તુ ન મળે તો " લાભાન્તરાય કર્મનો ઉદય છે અથવા સ્હેજે તપવૃદ્ધિ થાય છે. " એમ સમજીને ઉદ્વેગ ન કરવો તે **અલાભ પરીષહ** છે.

૧૬. **રોગ પરીષહ**—જ્વર ( તાવ ), અતિસાર ( ઝાડા ) આદિ રોગ પ્રકટ થતાં જિનકલ્પી આદિ કલ્પવાળા મુનિઓ તે રોગની ચિકિત્સા ન કરાવે, પરન્તુ પોતાના કર્મનો વિપાક ચિંતવે, અને સ્થવિરકલ્પી ( ગચ્છવાસી ) મુનિ હોય, તે આગમમાં કહેલી વિધિ પ્રમાણે નિરવદ્ય ( નિર્દોષ ) ચિકિત્સા કરાવે અને તેથી રોગ શાન્ત થાય અથવા ન થાય, તો પણ હર્ષ ઉદ્વેગ ન કરે, પરન્તુ પૂર્વકર્મનો વિપાક ( ઉદય ) ચિંતવે, તે **રોગ પરીષહ** જીત્યો ગણાય.

૧૭. **તૃણસ્પર્શ પરીષહ**—ગચ્છથી નિકળેલા જિન-

કલ્પ આદિ કલ્પધારી મુનિને તૃણુનો (ડાભ આદિ ઘાસનો અઢી હાથ પ્રમાણુ) સંથારો હોય છે, તેથી તે તૃણુની અણીઓ શરીરમાં વાગે તો પણુ વસ્ત્રની ઇચ્છા ન કરે, તથા ગચ્છવાસી (સ્થવિરકલ્પી) મુનિને વસ્ત્રનો પણુ સંથારો હોય છે, તે પણુ પ્રતિકૂળ પ્રાપ્ત થયો હોય, તો દીનતા ધારણુ ન કરે, તે **તૃણુ, સ્પર્શ પરીષહ** છે.

૧૮. **મલ પરીષહ**—સાધુને વિષયના કારણુરૂપ જળસ્નાન હોય નહિં, તેથી પરસેવા વગેરેથી શરીરે મેલ ઘણો લાગ્યો હોય અને દુર્ગંધ આવતી હોય, તો પણુ શરીરની દુર્ગંધી ટાળવા માટે જળથી સ્નાન કરવાનું ચિંતવન પણુ ન કરે, તે મલપરીષહ જીત્યો ગણાય.

૧૯. **સત્કાર પરીષહ**—સાધુ પોતાનો ઘણો માન-સત્કાર લોકમાં થતો દેખી મનમાં હર્ષ ન પામે, તેમજ સત્કાર ન થવાથી ઉદ્વેગ ન કરે, તે **સત્કાર પરીષહ** જીત્યો કહેવાય.

૨૦ **પ્રજ્ઞા પરીષહ**—પોતે બહુશ્રુત (અધિક જ્ઞાની) હોવાથી અનેક લોકોને પ્રશ્નોના ઉત્તર આપી સંતુષ્ટ કરે. અને અનેક લોકો તે બહુશ્રુતની બુદ્ધિની પ્રશંસા કરે; તેથી તે બહુશ્રુત પોતાની બુદ્ધિનો ગર્વ ધરી હર્ષ ન કરે. પરન્તુ એમ જાણે કે-" પૂર્વે મારાથી પણુ અનંત ગુણુ બુદ્ધિવાળા જ્ઞાનીઓ થયા છે. હું કોણુ માત્ર છું ? " ઇત્યાદિ ચિંતવે, તે **પ્રજ્ઞા પરીષહ** જીત્યો કહેવાય.

૨૧. **અજ્ઞાન પરીષહ**—સાધુ પોતાની અલ્પ બુદ્ધિ હોવાથી, આગમ વિગેરેનાં તત્ત્વ ન જાણે, તો પોતાની અજ્ઞા-

નતાનો સંયમમાં ઉદ્વેગ ઉપજે એવો ખેદ ન કરે, કે "હું આવી ઉગ્ર તપશ્ચર્યાદિ સંયમવાળો છું તો પણ આગમ તત્ત્વ જાણતો નથી, બહુશ્રુતપણું પ્રાપ્ત થતું નથી" ઈત્યાદિ ખેદ–ઉદ્વેગ ધારણ ન કરતાં મતિજ્ઞાનાવરણીયનો ઉદય વિચારી સંયમભાવમાં લીન થાય, તે **અજ્ઞાન પરીષહ** જીત્યો ગણાય.

૨૨. **સમ્યક્ત્વ પરીષહ**—અનેક કષ્ટ અને ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ સર્વજ્ઞભાષિત ધર્મની શ્રદ્ધાથી ચલાયમાન ન થવું. શાસ્ત્રોના સૂક્ષ્મ અર્થ ન સમજાય તો વ્યામોહ ન કરવો, પરદર્શનમાં ચમત્કાર દેખી મોહ ન પામવો ઇત્યાદિ **સમ્યક્ત્વ પરીષહ** કહેવાય.

ટૂંકમાં તિતિક્ષા વડે સહનશક્તિ કેળવવી અને ગમે તેવા પ્રતિકૂલ સંયોગોમાં કે અગવડભરી સ્થિતિમાં પણ પોતાના વ્રત–નિયમોમાં સ્થિર રહેવું, એ ગુરુપદની બીજી યોગ્યતા છે. જેઓ તેમ ન કરતાં સુખ–સગવડોને ઇચ્છે છે, તેઓનું અંતે વૃદ્ધપુત્રની જેમ પતન થાય છે.

## વૃદ્ધપુત્રનું વૃત્તાંત.

કોઈ વૃદ્ધ પુરુષે અને તેના પુત્રે સાથે દીક્ષા લીધી અને બંને જણ સાધુજીવન ગાળવા લાગ્યા. તેમાં પિતાને પુત્ર પર ઘણી મમતા હતી અને પુત્રથી સાધુજીવનની કઠિનતા સહન થતી ન હતી, તેથી એક વાર પુત્રસાધુએ પિતાસાધુને કહ્યું કેઃ 'હે પૂજ્ય ! કાંટા–કાંકરાવાળા માર્ગ પર ચાલતાં મારા પગ સોરાઈ જાય છે અને તાપથી તળવાઈ જાય છે.' ત્યારે પિતા-સાધુએ તેને પહેરવા માટે કોઈક ઠેકાણેથી યાચીને કંતાનના મોજાં લાવી આપ્યા.

આ વાતને થોડા દિવસ વીતી ગયા બાદ પુત્રસાધુએ પિતાસાધુને જણાવ્યું કે: ' હે પૂજ્ય ! ઉઘાડા માથે ફરતાં મારું મસ્તક બહુ તપી જાય છે અને દુખવા લાગે છે. ' ત્યારે પિતાસાધુએ તેનું માથું ઢાંકવા માટે કોઈક ઠેકાણેથી યાચીને ટોપી જેવું લાવી આપ્યું.

વળી થોડા વધુ દિવસ વ્યતીત થયા અને પુત્રસાધુએ પિતા-સાધુને જણાવ્યું કે: ' હે પૂજ્ય ! ભિક્ષા માટે જ્યાં ત્યાં રખડ-વાનું મને ફાવતું નથી. કોઈ લોકો છતી વસ્તુએ ભિક્ષા આપતા નથી, તો કોઈ લોકો જાણીબૂઝીને અપમાન કરે છે. વળી ગમે તેવા માણુસ આગળ ભિક્ષા માટે હાથ લંબાવતાં મને ઘણી જ શરમ આવે છે. ' ત્યારે પિતાસાધુ તેને ભિક્ષા લાવીને આપવા લાગ્યો.

વળી થોડા વધુ દિવસ પસાર થયા અને પુત્રસાધુએ પિતા-સાધુને જણાવ્યું કે ' હે પૂજ્ય ! ખરબચડી જમીન પર માત્ર એક કાંબળીભેર સૂતાં મારું આખું શરીર ખૂબ દુખે છે તેથી વિદ્યાભ્યાસ વગેરેમાં ધ્યાન આપી શકાતું નથી. ' ત્યારે પિતા-સાધુએ તેને સૂવા માટે વધુ સગવડ કરી આપી.

જેમ જેમ પુત્રસાધુને વધારે સગવડો મળતી ગઈ તેમ તેમ તેનું મન વધારે ઢીલું પડતું ગયું, તેથી એક વાર તેણે પિતાસાધુને જણાવ્યું કે ' હે પૂજ્ય ! મારાથી કેશનો લોચ કરાવાતો નથી, તેથી મને ઘણો જ ત્રાસ થાય છે અને મારી આંખો નબળી પડે છે. ' ત્યારે મમત્વઘેલા પિતાસાધુએ હજા-મત કરવા માટે કોઇ પણ ઠેકાણેથી યાચીને તેને એક અસ્ત્રો

લાવી આપ્યો. અને તે સાધુ અસ્રાવડે હજામત કરવા લાગ્યો. ત્યારબાદ થોડા દિવસે વળી તે પુત્રસાધુએ નવી ફરિયાદ કરી કે–' હે પૂજ્ય ! મારાથી સ્નાન વિના રહેવાતું નથી. આખા શરીરે મેલ ચડવાથી મને બહુ અકળામણ થાય છે.' ત્યારે પિતાસાધુએ તેને નહાવાની સગવડ કરી આપી. આમ એક પછી એક વધુ સગવડોને ભોગવતો તે પુત્રસાધુ સંયમમાં ઘણો જ શિથિલ બની ગયો અને છેવટે એક દિવસ પિતાને કહેવા લાગ્યો કે ' હે પૂજ્ય ! હવે મારાથી સ્ત્રી વિના રહી શકાતું નથી !' ત્યારે પિતાસાધુએ તેને શઠ જાણીને કાઢી *મૂકયો.

કહેવાની મતલબ એ જ છે કે જે સાધુઓ પંચમહાવ્રત ધારણ કર્યા પછી તેના પાલનમાં ઉત્કટ ઉત્સાહ રાખતા નથી કે તેના અંગે જે જે મુશ્કેલીઓ, મુશીબતો કે અગવડો આવી પડે, તેનો ધૈર્યપૂર્વક સામનો કરતા નથી તેઓ ધીમે ધીમે સુખશીલિયા થઇ જાય છે અને પતનના પંથે પડતાં ગુરુપદની યોગ્યતા ગુમાવી બેસે છે.

## ભિક્ષા ઉપર જીવનારા.

( ૩ ) ગુરુપદની ત્રીજી યોગ્યતા એ છે કે તેઓ પોતાના થકી રસોડું ચલાવે નહિ કે જાતે રાંધે નહિં; પરંતુ ગૃહસ્થોએ પોતાના માટે જે આહાર–પાણી તૈયાર કર્યાં હોય તેમાંથી ખપ પૂરતાં નિર્દોષ આહાર–પાણી ભિક્ષા માગીને ગ્રહણ કરે અને તેના વડે જ પોતાનું જીવન નભાવે.

---

* આ દૃષ્ટાન્ત અહિં પ્રસંગ પૂરતું જ આપ્યું છે. પુત્ર આગામી ભવમાં પાડા તરીકે અવતાર લ્યે છે, વગેરે પ્રસંગ ઉપદેશપ્રાસાદાદિ ગ્રન્થમાંથી જોઇ લેવો.

સાધુની ભિક્ષા માગવાની રીત એવી હોવી જોઇએ કે જેથી સામાને અપ્રીતિ કે ત્રાસ ઉત્પન્ન થાય નહિ કે તેની જરૂરીઆતમાં વાંધો આવે નહિ. તાત્પર્ય કે સાધુઓ હમેશાં 'માધુકરી' કે 'ગોચરી' કરનારા જ હોય છે. તે માટે શ્રીદશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે–" સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા પુરુષો સંયમ વડે આંતર અને બાહ્યગ્રંથીઓ છેદી, તપસ્યાપરાયણ બની ભમરો જેમ પુષ્પને જરા પણ પીડ્યા વિના તેમાંથી રસ પીને તૃપ્ત થાય છે, તેમ બીજાએ આપેલી, તથા પોતે માગીને મેળવેલી નિર્દોષ ભિક્ષાથી નિર્વાહ કરતા વિચરે છે. આપણો નિર્વાહ થાય અને બીજા કોઈને પીડા ન થાય એ ભાવનાથી જ્ઞાની પુરુષો ભમરાની પેઠે ગૃહસ્થો વગેરેએ પોતાના પ્રયોજન અર્થે તૈયાર કરેલા આહારવડે જ જીવે છે. અને સ્વાદને કારણે શ્રીમંતના ઘરોમાંથી ભિક્ષા મેળવવાનો ખ્યાલ રાખ્યા વિના, ઇંદ્રિયનિગ્રહપૂર્વક તેઓ જુદા જુદા ઘરમાંથી આહાર મેળવે છે. આ કારણે તેઓ સાધુ કહેવાય છે.

ગોચરીના ૪૨ દોષો નીચે મુજબ ગણવામાં આવે છે. તેમાં ૧૬ દોષો શ્રાવકોના યોગથી લાગે છે. તે આ રીતે—

૧. સાધુને માટે જ બનાવીને આપે.

૨. અમુક સાધુને માટે ખાસ બનાવીને આપે.

૩. શુદ્ધ આહારમાં આધાકર્મી(સચિત્ત વસ્તુ)નો અંશ પણ ભેગો કરીને આપે.

૪. સાધુને માટે ખાસ રહેવા દઈ પોતે બીજું વાપરે.

૫. સાધુને માટે ખાસ રહેવા દીધેલા આહારમાંથી સાધુને પણ વહોરાવે અને પોતે પણ વાપરે.

૬. સાધુને વહોરાવવા માટે પરોણાને જમાડવાનો દિવસ આગળ-પાછળ કરીને આપે.

૭. સાધુને માટે અંધારાની જગાએ અજવાળું કરીને આપે.

૮. સાધુ માટે જ ખરીદીને આપે.

૯. સાધુ માટે જ ખાસ ઉછીનું લાવીને આપે.

૧૦. સાધુ માટે જ અદલોબદલો કરીને લાવે અને આપે.

૧૧. સાધુને સામું લઈ જઇને આપે.

૧૨. મોટા કબાટનું બારણું ખોલીને આપે.

૧૩. ઊંચી અભરાઇ વગેરે જગાએથી અયત્નાએ ઉતાવળ કરીને આપે.

૧૪. નબળા પાસેથી ઝુંટવીને આપે.

૧૫. ભાગીદારીની વસ્તુ વગરપૂછયે આપે.

૧૬. રાંધવામાં વધારે નાખીને આપે.

બીજા સોળ દોષો સાધુના યોગથી લાગે છે, તે આ રીતે-

૧૭. ધાઇની માફક લે તો.

૧૮. દૂતનું કાર્ય કરીને-સંદેશા વગેરે કહીને લે તો.

૧૯. ભવિષ્ય કહીને લે તો.

૨૦. પોતાની જ્ઞાતિ-જાતિ જણાવીને લે તો.

૨૧. પોતાની ગરીબાઇ ગાઈને લે તો.

૨૨. વૈદું કરીને લે તો.

૨૩. ક્રોધ કરીને લે તો.

૨૪. માન કરીને લે તો.

૨૫. માયા અથવા કપટ કરીને લે તો.

૨૬. લોભ કરીને લે તો.

૨૭. દાન લીધા પહેલાં કે લીધા પછી દાતારના ગુણ ગાઈને લે તો.

૨૮. વિદ્યા-કામણ કરીને લે તો.

૨૯. મંત્રાદિ કરીને લે તો.

૩૦. ગોળી-ચૂરણ વગેરેના પ્રયોગથી લે તો.

૩૧. સુભાગ્ય-દુર્ભાગ્ય કરીને લે તો.

૩૨. ગર્ભ પડાવીને, ગર્ભ ધરાવીને કે ગર્ભ સ્થાપન કરીને લે તો.

આ ઉપરાંત દશ દોષો શ્રાવક અને સાધુ બંનેના યોગથી લાગે છે, તે આ રીતેઃ—

૩૩. શંકા સહિત આપે તો.

૩૪. સચિત્તથી હાથ ખરડ્યા હોય અને આપે તો.

૩૫. સચિત્ત ઉપર મૂકેલું આપે તો.

૩૬. સચિત્તથી અડકતા હોય અને આપે તો.

૩૭. સચિત્તથી ઢાંકયું હોય અને આપે તો.

૩૮. આંધળા-પાંગળા પાસેથી આપે-લે તો.

૩૯. સચિત્ત–અચિત્ત ભેગા થયેલા આપે–લે તો.

૪૦. બરાબર અચિત્ત થયા વિના આપે–લે તો.

૪૧. ફેંકીને નાખતો નાખતો આપે તો.

૪૨. તત્કાલના લીંપેલા આંગણા પર જઈને આપે તો.

સાધુઓએ આ પ્રકારની ગોચરી પણ નીચેનાં છ કારણો પૈકી કોઈ કારણ ઉપસ્થિત થાય તો જ કરવાની છે, એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છ૦વીશમા અધ્યયનમાં જણાવ્યું છે.

(૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે. (૨) શરીર સશક્ત હોય તો ગુરુ તથા સાધર્મિક વગેરેનું બરાબર વૈયાવૃત્ત્ય થઈ શકે તે માટે. (૩) ખાધા વિના આંખે અંધારાં આવતા હોય તો તે મટાડી અને ગમન કરી શકાય તે માટે. (૪) સંયમ પાળવાને માટે. (૫) જીવન નભાવવા માટે અને (૬) ધર્મધ્યાન તથા ચિંતન માટે. આ છ કારણોનું ખરું તાત્પર્ય એ છે કે સાધુએ રસલોલુપી થઈને આહાર પાણી ભોગવવાનાં નથી, કારણ કે તેમ કરવાથી અષાડાભૂતિની જેમ સાધુજીવનમાંથી પતિત થવાય છે.

## મુનિ અષાડાભૂતિનું દષ્ટાંત.

*યુવાન મુનિ અષાડાભૂતિ ભિક્ષા અર્થે ફરતાં ફરતાં નટોના મહોલ્લામાં દાખલ થયા અને મહર્દ્ધિક નામના એક

---

* આ કથા ઉત્તરાધ્યયન સૂત્રની ટીકાના આધારે લખાયેલ છે. પિંડનિર્યુક્તિની ટીકામાં આ કથાના કેટલાક પ્રસંગો બીજી રીતે પણ જોવામાં આવે છે.

સુવિખ્યાત નટને ત્યાં 'ધર્મલાભ' કહીને ઊભા રહ્યા. આ નટને ભુવનસુંદરી અને જયસુંદરી નામની બે યુવાન પુત્રીઓ હતી, જે રૂપ અને કલાનો ભંડાર હતી. તે બંને પુત્રીઓ વસ્ત્ર-વિભૂષા કરીને તથા મનોહર અલંકાર ધારણ કરીને પોતાનું સૌંદર્ય અરીસામાં જોતી પાસેના ખંડમાં જ ઊભેલી હતી. તેમણે આ ધર્મલાભ શબ્દ સાંભળ્યો એટલે પોતાના ખંડમાંથી બહાર આવી અને એક યુવાન તેજસ્વી સાધુને ભિક્ષા અર્થે ઊભેલા જોઇને સહસા નમી પડી. પછી તેમણે ઘરમાંથી એક લાડુ લાવીને આ મુનિને વહોરાવ્યો અને મુનિ તે લઇને ઘર-માંથી બહાર નીકળ્યા.

હવે આ લાડુ અનેક પ્રકારનાં ઉત્તમ વસાણાથી બનાવેલો હતો અને સુગંધથી મહેકી રહ્યો હતો. તે જોઇને મુનિ અષાડા-ભૂતિને વિચાર આવ્યો કે 'આ લાડુ અતિ સુંદર છે અને ભાગ્યે જ પ્રાપ્ત થાય એવો છે; પણ તે ગુરુને આપવો પડશે, તેથી મારા ભાગમાં નહિ આવે માટે એક બીજો લાડુ લઇ આવું; પરંતુ ત્યાં ફરીને કેમ જવાય ? એટલે વિદ્યાના બળે રૂપ બદલીને જ ત્યાં જાઉં ' અને મુનિ અષાડાભૂતિ વિદ્યાના બળે જુદી જાતના યુવાન સાધુનું રૂપ ધારણ કરીને તે જ ઘરમાં ભિક્ષા માટે ફરી દાખલ થયા. ત્યારે પણ પેલી બે કન્યાઓએ તેમને નમસ્કાર કર્યા અને પેલા લાડુ પૈકીનો જ એક લાડુ વહોરાવ્યો.

આ લાડુ લઇને મુનિ અષાડાભૂતિ ઘરની બહાર આવ્યા કે પાછો તેમને વિચાર આવ્યો કે 'આ લાડુ તો ધર્માચાર્યને

આપવો પડશે,' એટલે તેમણે એક વૃદ્ધ સાધુનું રૂપ ધારણ કર્યું અને ત્રીજો લાડુ વહોરી લાવ્યા. છતાં યે તેમને સંતોષ ન થયો; કારણ કે એ લાડુ ઉપાધ્યાયના ભાગમાં જવાનો સંભવ હતો. આથી તેમણે એક કુબડા સાધુનું રૂપ ધારણ કર્યું અને ચોથી વાર લાડુ લઇ આવ્યા. પરંતુ એ લાડુ પણ તેમના ભાગમાં આવે તેવો સંભવ જણાયો નહિ; કારણ કે સંઘાડાના બીજા સાધુઓને તેમાંથી ભાગ આપવો પડે તેમ હતું. આથી થોડે દૂર જઇને તેમણે એક કોઢિયા સાધુનું રૂપ ધારણ કર્યું અને પાંચમી વાર લાડુ મેળવ્યો. પરંતુ તે લાડુ પણ ગુરુભાઈના ભાગમાં જશે એમ લાગવાથી તેમણે એક વધુ વાર રૂપનું પરિવર્તન કર્યું અને એક બાળ-સાધુ બનીને છઠ્ઠી વાર લાડુ મેળવ્યો. પછી સંતુષ્ટ થઇને તેઓ ગુરુ પાસે ગયા અને ગોચરી રજૂ કરી.

અહીં મહર્દ્ધિક નટ ગોખમાં બેસીને મુનિ અષાડાભૂતિની સર્વ લીલા જોઈ રહ્યો હતો. એ જોઇને તેણે વિચાર્યું કે ' જો આવો રૂપ-પરિવર્તન કરનારો માણસ મારા કબજામાં આવી જાય તો મારો બેડો પાર થઇ જાય. ' તેથી તેણે જે હકીકત બની હતી તે બધી પુત્રીઓને કહી સંભળાવી અને સૂચના આપી કે ' આમ તો એ સાધુ વિદ્યાસિદ્ધ અને ઘણો હોશિ-યાર જણાય છે પણ જીભનો કાંઈક લાલચુ જણાય છે તેથી ફરીને પણ આપણા ઘેર ભિક્ષા લેવાને આવશે. તે વખતે તમે એની ખાતર બરદાશ બરાબર કરજો અને તે કોઈ પણ રીતે આપણો બને તેવો ઉપાય અજમાવજો.' પુત્રીઓએ તે વાતનો સ્વીકાર કર્યો.

લાડુના અસાધારણ સ્વાદ પર મુગ્ધ બનેલા મુનિ અષાડાભૂતિ બીજા દિવસે પણ તે જ મહોલ્લામાં દાખલ થયા અને તે જ ઘરે ધર્મલાભ કહીને ભિક્ષા લેવા માટે ઊભા રહ્યા કે જે ગોચરીના નિયમથી તદ્દન વિરુદ્ધ હતું. પરંતુ રસનાને આધીન થયેલા મુનિ અષાડાભૂતિ એ વાત છેક જ ભૂલી ગયા કે જાણી બૂઝીને તેણે તેના તરફ આંખમીંચામણાં કર્યાં.

ભુવનસુંદરી અને જયસુંદરીએ આજે અપૂર્વ શૃંગાર સજ્યો હતો અને તેમના હાવભાવમાં પણ અનુપમ છટા આવી હતી. તેમણે મુનિ અષાડાભૂતિને અતિમાનપૂર્વક ભિક્ષા આપી અને જણાવ્યું કે 'હે મુનિરાજ ! આપના પ્રતાપે અમારા ઘરમાં રિદ્ધિ સિદ્ધિનો પાર નથી, માટે જરૂર આવતી કાલે પણ પધારજો.' ત્રીજા દિવસે પણ મુનિ અષાડાભૂતિ ગોચરી માટે તેજ ઘરમાં ગયા અને અનેક મશાલાથી મઘમઘતો દૂધપાક વહોરી લાવ્યા.

ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો દિવસ પણ એ જ રીતે પસાર થયો અને આઠમો દિવસ આવી પહોંચ્યો. એટલે નિયમ મુજબ મુનિ અષાડાભૂતિ ભિક્ષા લેવાને પધાર્યા. તે વખતે ભુવનસુંદરીએ કહ્યું કે 'હે મુનિવર્ય ! તમારાં મધુર દર્શનથી અમારા હૃદયકમલમાં કોઈ અનેરો જ આનંદ જાગે છે અને એમ જ થાય છે કે જાણે બધો વખત તમારાં દર્શન કર્યાં કરીએ.' અને તેણે એક અવનવો કટાક્ષ કરતાં સસ્મિતવદને મુનિના સામે જોયું.

મુનિ કાંઈ બોલ્યા નહિ, પરંતુ તેમનાં હૃદયમાં ભારે મંથન

થવા લાગ્યું. આજ સુધી તેમણે જે વૃત્તિઓને વૈરાગ્ય અને તપના બળથી દબાવી હતી, તે એકાએક સળવળવા લાગી અને છેલ્લા સાત દિવસના માદક આહારે તેને પ્રબળ ટેકો આપ્યો.

મુનિના મનમાં ચાલી રહેલું આ અજબ મંથન પેલી ચતુર નટપુત્રીઓ પામી ગઈ. આથી જયસુંદરી બોલી કે 'હે મુનિરાજ ! અમે તમને મનથી વરી ચૂકેલી છીએ, માટે આ વેશ છોડી દો અને અમારી સાથે રહીને મનગમતું સુખ ભોગવો.'

આ શબ્દોએ મુનિ અષાડાભૂતિના વિહ્વલ મનને છેક જ વિહ્વલ બનાવી દીધું અને તેઓ સંસારસુખ ભોગવવાને તત્પર બન્યા. પણ આવું પગલું ગુરુને જણાવ્યા સિવાય ન ભરવું એમ વિચારીને બોલ્યા કે: 'પહેલાં, મને મારા ગુરુની રજા લેવા દો; પછી હું અહીં આવીને તમારી સાથે રહીશ.'

આ સાંભળીને ભુવનસુંદરી તથા જયસુંદરીએ કહ્યું કે 'જો એમજ કરવું હોય તો વચન આપીને જાઓ.' એટલે મુનિ અષાડાભૂતિએ સાંજ પહેલાં આવી જવાનું વચન આપ્યું. પછી તેમણે ગુરુ પાસે જઇને કહ્યું કે 'હે ગુરુજી ! મેં નાની ઉમ્મરમાં જ દીક્ષા લીધી છે અને સાંસારિક સુખ ભોગવ્યું નથી. હાલ મને અપ્સરા જેવી નટની બે પુત્રીઓ અંતરથી ચાહે છે અને મારું મન પણ તેમની પાસે જ છે, તો આ ઓઘો ને મુહપત્તિ લઇ લ્યો અને મને જવાની રજા આપો.'

મુનિ અષાડાભૂતિનાં આવાં વચનો સાંભળીને પ્રથમ તો ગુરુએ વજ્રાઘાત અનુભવ્યો પરંતુ કર્મની ગહન લીલાનો વિચાર કરીને મનને સ્વસ્થ બનાવ્યું અને 'અષાડાભૂતિ ગમે તેટલો

પતિત થયો છે છતાં મારી રજા લેવા આવ્યો છે, માટે તેનામાં હજી વિનયગુણ ટકી રહ્યો છે' એમ વિચારી બોલ્યા કે 'અષાડાભૂતિ! વ્રત–આરાધનના ફળથી દેવલોકની અવર્ણનીય સાહેબી મળે છે, તે મૂકી તું નટપુત્રીઓમાં મોહિત થયો છે તે ખરેખર ઘણું જ શોચનીય છે, તો પણ તું દારુ–માંસને કદી અડકીશ નહિ કે તેને વાપરનારનો સંગ કરીશ નહિ. મારું આટલું વચન તું જરૂર અંગીકાર કર.' એટલે અષાડાભૂતિએ હાથ જોડીને તે પ્રમાણે પ્રતિજ્ઞા કરી.

અષાડાભૂતિ સાધુ મટીને સંસારી બન્યા. તેમની વર્ષોની સાધના પાણીમાં ગઈ. એક જીભલડીને વશ નહિ રાખવાનું એ ફલ હતું; ગોચરીના સિદ્ધ નિયમોને નહિ અનુસરવાનું એ ભયંકર પરિણામ હતું.

અષાડાભૂતિએ નટપુત્રીઓને પોતાની પ્રતિજ્ઞાથી વાકેફ કરી અને જણાવ્યું કે 'જો તમે દારુ અને માંસ ન વાપરવાની પ્રતિજ્ઞા કરો તો હું તમારી સાથે રહી શકીશ.' આથી તે બંને નટપુત્રીઓએ તે જાતની પ્રતિજ્ઞા કરી અને તેમની સાથે સાંસારિક સુખો ભોગવવા લાગી.

અષાડાભૂતિ થોડા વખતમાં જ નટવિદ્યામાં પારંગત થયા અને ઘણું ધન કમાવા લાગ્યા. એ રીતે સંસારસુખ ભોગવતાં તેમને બાર વર્ષ વીતી ગયા, ત્યારે એક પરદેશી નટ જોડે વાદ કરવા માટે રાજાની સભામાં ગયા. આ વખતે ભુવનસુંદરી તથા જયસુંદરીએ વિચાર કર્યો કે 'આજે સ્વામીનાથ ઘેર ઘણા મોડા આવશે, માટે ઘણા દિવસથી નહિ વાપરેલા દારૂ અને માંસનો

સ્વાદ લઈએ.’ પછી તેમણે માંસની વાનીઓ બનાવીને ખાધી અને ખૂબ દારૂ પીધો. એ દારૂના ઘેનમાં તે બેભાન થઈને જમીન પર પડી. એવામાં અષાડાભૂતિ વાદમાં પ્રતિપક્ષને જીતીને ઘેર આવ્યા અને જોયું તો બંને સ્ત્રીઓના મુખમાંથી માંસ તથા દારૂની વાસ આવી રહી હતી. એ જ વખતે તેમને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી એટલે તેઓએ બંને સ્ત્રીઓને જણાવી દીધું કે ‘તમે પ્રતિજ્ઞા તોડી છે માટે આપણો સંબંધ પૂરો થયો.’ એ વખતે સ્ત્રીઓએ બહુ કલ્પાંત કર્યું અને પોતાની ભૂલ દરગુજર કરવા ઘણી ઘણી વિનંતિઓ કરી; પણ અષાડાભૂતિ પોતાની પ્રતિજ્ઞાથી ચળ્યા નહિ. તે વારે સ્ત્રીએ કહ્યું કે ‘સ્વામીનાથ! જો તમારો નિર્ણય આવો જ હોય તો અમને પુષ્કલ ધન આપીને પછી જાઓ.’ એટલે અષાડાભૂતિએ રાજા આગળ જઈને ભરત ચક્રવર્તીનું નાટક કર્યું અને પોતાના અપૂર્વ અભિનય તથા વેશવિભૂષાથી તેનું દિલ ખુશ કરીને બહુમૂલ્ય રત્નો ભેટમાં મેળવ્યાં અને તેનું સ્ત્રીઓને દાન કરીને સાધુજીવનનો સ્વીકાર કર્યો.

મુનિ અષાડાભૂતિનું હવે પછીનું જીવન આદર્શ હતું, એટલે કે તેમણે પાંચે ઇંદ્રિયોને બરાબર જીતી લીધી હતી અને દેહને ભાડું આપવા માટે જે કાંઈ આહાર-પાણી મેળવતા હતા તે ગોચરીના નિયમોને અનુસરીને જ મેળવતા હતા. આથી તેઓ આત્માનો અપૂર્વ વિકાસ કરી શક્યા અને બીજા પણ ઘણા મુમુક્ષુઓને તારવાને શક્તિમાન થયા.

તાત્પર્ય કે જે સાધુ રસલોલુપી થઈને આહાર-પાણી

ભોગવે છે અને ગોચરીના નિયમોને તોડે છે તેઓ સાધુ-જીવનથી પતિત થાય છે અને ગુરુપદની લાયકાત ગુમાવે છે.

## સામાયિકમાં રહેનારા

(૪) ગુરુપદની ચોથી યોગ્યતા એ છે કે તેઓ સદા સામાયિકમાં રહેનારા હોય છે. સામાયિક એટલે સાવદ્ય અથવા પાપયુક્ત પ્રવૃત્તિઓનો ત્યાગ અને નિરવદ્ય કે સત્પ્રવૃત્તિનો સ્વીકાર. આ યોગ્યતા જાળવવા માટે સાધુએ કેવું જીવન જીવવાનું હોય છે, તેનો ખ્યાલ તેઓ સાધુજીવનનો સ્વીકાર કરતી વખતે કેવી જાતના સામાયિકની પ્રતિજ્ઞા લે છે, તે જાણવાથી આવી શકશે. તે પ્રતિજ્ઞા નીચે મુજબ હોય છેઃ—

**करेमि भंते ! सामाइयं,**
**सव्वं सावज्जं जोगं पच्चक्खामि ।**
**जावज्जीवाए तिविहं तिविहेणं,**
**मणेणं वायाए काएणं ॥**

**न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि ।**
**तस्स भंते ! पडिक्कमामि निंदामि, गरिहामि अप्पाणं वोसिरामि ॥**

અર્થ—'હે ભગવંત ! હું સામાયિક કરવાને ઇચ્છું છું, તે માટે સર્વ પાપવ્યાપારનો જીવન પર્યંત ત્રણ **યોગ** અને ત્રણ **કરણ**થી ત્યાગ કરું છું. તે આ રીતેઃ—મનથી, વચનથી અને કાયાથી હું કોઇ પાપ કરું નહિ, કરાવું નહિ અને અન્યને કરતો સારો માનું નહિ. તે સંબંધી (ભૂતકાલને વિષે) હે ભગવંત ! મેં જે કંઈ પાપમય પ્રવૃત્તિ કરી હોય તેથી પાછો ફરું છું,

તેને નિંદું છું, તેનો આપના સમક્ષ એકરાર કરું છું અને તેવી પાપમય પ્રવૃત્તિ કરનાર મારા કષાય–આત્માનો ત્યાગ કરું છું.'

સામાયિકનો અર્થ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના સ્વોપજ્ઞ વિવરણમાં આ રીતે કર્યો છે:–'**रागद्वेष-विनिर्मुक्तस्य सतः आदौ ज्ञानादीनां लाभः प्रशमसुखरूपः समायः, समाय एव सामायिकम् ॥** "

" રાગ અને દ્વેષથી મુક્ત થયેલા આત્માને જ્ઞાન વગેરેનો પ્રશમ સુખરૂપ જે લાભ થાય, તે સમાય અને તેવો જે સમાય (અર્થાત્ સમતાનો લાભ) તે જ સામાયિક." તાત્પર્ય કે–રાગ અને દ્વેષથી મુક્ત થવું અને સમભાવમાં સ્થિર થવું એ સામાયિક છે.

તે સંબંધી જૈનશાસ્ત્રમાં કહ્યું છે કે:—

**" जस्स सामाणिओ अप्पा, संजमे नियमे तवे ।**
**तस्स सामाइयं होइ, इइ केवलि–भासियं ॥ "**

" જેનો સમભાવવાળો આત્મા સંયમ, નિયમ અને તપમાં સારી રીતે આવેલો હોય, તેને '**સામાયિક**' થાય છે; એમ શ્રી કેવલી ભગવંતનું કથન છે."

**" जो समो सव्वभूएसु, तसेसु थावरेसु य ।**
**तस्स सामाइयं होइ, इइ केवलि–भासियं ॥ "**

' ત્રસ (હાલતાંચાલતાં) અને સ્થાવર (સ્થિર હાલવા ચાલવાની શક્તિ વિનાના) એવા સર્વ જીવો પ્રત્યે જે રાગ–દ્વેષ રહિત ચિત્તથી વર્તે છે, તેને '**સામાયિક**' થાય છે; એમ શ્રી કેવલી ભગવંતનું કથન છે.

પાપવ્યાપાર શબ્દથી હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ સમજવાનાં છે. જગતમાં થઈ રહેલાં તમામ જાતનાં નાનાં મોટાં પાપો એક યા બીજી રીતે આ પાંચ મહા-પાપોમાં અંતર્ગત થઇ જાય છે.

જીવન પર્યંત એટલે જીવનના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી.

મન, વચન અને કાયાની પ્રવૃત્તિને નિર્ગ્રંથ-પરિભાષામાં 'યોગ'ની સંજ્ઞા આપવામાં આવી છે. યોગ એટલે વ્યાપાર; મનુષ્ય જે કાંઇ પ્રવૃત્તિ કરે છે તે આ ત્રણ પ્રકારમાંથી એક યા વધારે પ્રકારની હોય છે.

કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ પ્રકારની ક્રિયાઓને નિર્ગ્રંથ-પરિભાષામાં કરણ કહેવામાં આવે છે. કરવું એટલે જાતે કરવું, કરાવવું એટલે બીજા પાસે કરાવવું અને અનુમોદવું એટલે કોઈ પણ તે કામ કરી રહ્યો હોય તેને અંતરથી સારું માનવું.

જે વસ્તુ સ્વયં કરવા જેવી નથી તે બીજા પાસે કરાવવી એ તાત્ત્વિક દૃષ્ટિએ યોગ્ય નથી. જેમકે એક માણસ પોતે ચોરી કરતો નથી, પણ બીજા પાસે કરાવે છે; તો ચોરી તેના મનમાંથી ગઇ નથી કે તેના પ્રત્યેનો સદ્ભાવ મટ્યો નથી. અથવા એક માણસ પોતે પ્રાણીને મારતો નથી પણ બીજા પાસે મરાવે છે, તે હિંસા તેના મનમાંથી ગઇ નથી કે તેના પ્રત્યેનો સદ્ભાવ મટ્યો નથી. તેથી હિંસા, અસત્ય વગેરે પાપોની વૃત્તિ મનમાંથી કાઢી નાખવી હોય તો તે પ્રવૃત્તિ બીજા પાસે પણ ન જ કરાવવી જોઇએ. અને તે જ કારણે એ પાપકારી પ્રવૃત્તિ-

એનું અનુમોદન પણ નિષિદ્ધ જ ઠરે છે. એક પ્રવૃત્તિ પોતે કરે નહિ ને બીજા પાસે કરાવે નહિ પણ તેની અનુમોદના કરે તો તેનું વાસ્તવિક પરિણામ તો એ જ આવે કે તે પ્રવૃત્તિમાં વધારો થાય. એટલે પાપપ્રવૃત્તિમાંથી સદંતર છૂટા થવા માટે તેની અનુમોદના પણ નિષિદ્ધ જ માનવામાં આવી છે.

આ રીતે સાધુઓ પાપકારી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાની જે મહાપ્રતિજ્ઞા ધારણ કરે છે તેના પ્રકારો (કોટિ) નવ બને છે.

(૧) હું મનથી પાપ કરું નહિ.

(૨) હું મનથી પાપ કરાવું નહિ.

(૩) હું મનથી પાપકારી પ્રવૃત્તિની અનુમોદના કરું નહિ.

(૪) હું વચનથી પાપ કરું નહિ.

(૫) હું વચનથી પાપ કરાવું નહિ.

(૬) હું વચનથી પાપકારી પ્રવૃત્તિની અનુમોદના કરું નહિ.

(૭) હું કાયાથી પાપ કરું નહિ.

(૮) હું કાયાથી પાપ કરાવું નહિ.

(૯) હું કાયાથી પાપકારી પ્રવૃત્તિની અનુમોદના કરું નહિ.

પાપકારી પ્રવૃત્તિઓને છોડતી વખતે તેના વિષે જરા પણ સદ્ભાવ ન રહે તે જરૂરી છે. તેથી તેમાંથી પાછા ફરવાનું, આત્મસાક્ષીએ તેને નિંદવાનું અને તેને ગુરુસાક્ષીએ નિંદવાનું જરૂરી માનવામાં આવે છે અને પાપ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થવાનું કષાયઆત્માને લીધે–કષાયોને લીધે બને છે, તેથી તેનો

ત્યાગ પણ જરૂરી મનાય છે. આ સઘળી બાબતો સામાયિકની પ્રતિજ્ઞામાં યોગ્ય રીતે ગોઠવાયેલી છે.

આ પ્રકારનું સામાયિક ગ્રહણ કરવાથી 'સામાયિક' નામના પ્રથમ ચારિત્રનો અંગીકાર થયો ગણાય છે કે જે ઉત્કૃષ્ટ ચારિત્ર કે યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચવાનું પહેલું પગથિયું છે.

ટૂંકમાં સાધુએ રાગ અને દ્વેષને જન્મ આપનારી પ્રવૃત્તિઓથી દૂર રહી પોતાના આત્માને સમભાવથી ભાવિત કરવાનો હોય છે કે જેથી તે ક્રમશઃ વીતરાગ બની પોતાનું અંતિમ ધ્યેય સાધી શકે તથા મુમુક્ષુઓને પણ સત્ય માર્ગનું દર્શન કરાવી શકે.

## ધર્મનો ઉપદેશ કરનારા.

(૫) ગુરુપદની પાંચમી યોગ્યતા એ છે કે તેઓ ધર્મનો ઉપદેશ કરનારા હોય છે. કહ્યું છે કે–

" धर्मज्ञो धर्मकर्त्ता च, सदा धर्मप्रवर्त्तकः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥ "

'જે ધર્મને જાણતો હોય, ધર્મને આચરતો હોય, ધર્મનો પ્રવર્ત્તક હોય અને ધર્મશાસ્ત્રના અર્થોનો ઉપદેશ આપનારો હોય, તે ગુરુ કહેવાય છે.'

જે ગુરુ ધર્મને જાણતો ન હોય તે અન્યને ધર્મનો ઉપદેશ કેવી રીતે આપી શકે? એટલે ગુરુપદ ધારણ કરનાર ધર્મના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત હોવો જ જોઇએ, પરંતુ આ રીતે પરિચિત થવાનું ત્યારે જ બની શકે છે કે જ્યારે

વિવિધ શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો હોય અને તેમાં ચર્ચેલા ભિન્ન ભિન્ન મુદ્દાઓ પર મનન તથા પરિશીલન કરેલું હોય.

જે ગુરુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ બરાબર કરે પણ જીવનમાં ઉતારે નહિ. તે બીજાને ધર્મનો ઉપદેશ કયા મોઢે આપી શકે? એવા ઉપદેશની કિમ્મત ‘ પોથીમાંનાં રીંગણા ’ કરતાં વધારે ભાગ્યે જ લેખી શકાય. ‘ આચરણ એ મૂંગો ઉપદેશ છે ’ એ વાત કોઇ પણ સુજ્ઞ ગુરુ કદી પણ ભૂલી શકે નહિ.

જે ગુરુ ધર્મનું પ્રવર્ત્તન કરવાને બદલે ભળતી પ્રવૃત્તિઓમાં જ પડી જાય તે ધર્મનો ઉપદેશ કરવાનો અધિકારી કેવી રીતે થઇ શકે? ધર્મ એ વ્યકિતગત વિકાસનું મૂળ છે, સમાજ-સુધારણાની ચાલ છે અને રાષ્ટ્રીય ઉત્થાનનો સાચો કીમિયો છે. તેનું મહત્ત્વ પ્રકાશવું અને લોકોને તેમાં શ્રદ્ધાવાન બનાવવા એ ગુરુનું પરમ કર્ત્તવ્ય છે.

જે ગુરુ ધર્મશાસ્ત્રનો ઉપદેશ કરવાને બદલે જ્યોતિષ, વૈદક, રસાયણ અને મંત્રતંત્ર વગેરેનું મહત્ત્વ પ્રકાશે છે અને લોકોને તેમાં રસ લેતા કરે છે, તે પોતાનું મૂળ કર્ત્તવ્ય ચૂકી જાય છે; કારણ કે આવી પ્રવૃત્તિના પરિણામે લોકોની ધર્મભાવના મંદ પડી જાય છે અને ન્યાય અને નીતિવિષયક ખ્યાલો પણ વિકૃતિને પામે છે. પરિણામે સર્વત્ર દુર્દશાનાં દર્શન થાય છે, તેથી ગુરુ હમેશા ધર્મનો ઉપદેશ કરનારા જ હોય છે. આવો ઉપદેશ તેઓ યોગ્ય મનુષ્યોને યોગ્ય રીતે કરે છે, પણ અનવસ્થિત કે બધિર કુટુંબ સરખા મનુષ્યોને કરતા નથી.

## અનવસ્થિત ચિત્ત ઉપર ગોમતી ડોશીનું દૃષ્ટાંત

શ્રીપુર નગરમાં વસુ નામે એક શેઠ હતો. તેને ગોમતી નામે સ્ત્રી હતી અને ધનપાલ નામે પુત્ર હતો. હવે વખત જતાં વસુ શેઠ મરણ પામ્યો અને વડીલ તરીકેનો સર્વ ભાર ગોમતી ડોશી પર આવ્યો. એ વખતે તેણે ધીરજ તથા કુનેહથી કામ લેવાને બદલે ખૂબ જ કડવી વાણીનો ઉપયોગ કરવા માંડ્યો અને તેથી ઘરમાં રોજ કંકાસ થવા લાગ્યો. આથી એક વાર ધનપાલે કહ્યું કે ' માજી ! હવે તમારે ધર્મ કરવાના દિવસો છે, માટે બધી ફીકર-ચિંતા છોડીને ધર્મકથાનું શ્રવણ કરો. આવતી કાલથી આપણે ત્યાં એક વિદ્વાન શાસ્ત્રી દ્વારા ધર્મકથા વંચાય તેવો હું પ્રબંધ કરીશ.' અને ધનપાલે તે મુજબ સઘળો પ્રબંધ કર્યો.

બીજા દિવસે શાસ્ત્રીજી મહાભારતની પોથી લઈને આવ્યા અને એક ઊંચા આસન પર બેઠક જમાવીને મહાભારત વાંચવાની શરૂઆત કરી તેમાં તેમણે પહેલું વાક્ય વાંચ્યું કે 'भीष्म उवाच' –' ભીષ્મ બોલ્યા.' તે વખતે કથા સાંભળવા બેઠેલી ડોશીનું ધ્યાન ખડકીમાં ઉભેલા કૂતરા તરફ ગયું. એટલે ' હડ હડ ' કરતા ઊભા થયા અને લાકડી વડે તેને ફટકાર્યો, પછી લાકડી ઠેકાણે મૂકીને કથા સાંભળવા બેઠા. ત્યારે શાસ્ત્રીએ ફરી વાંચ્યું કે ' भीष्म उवाच ' પરંતુ તેમનું આ વાક્ય પૂરું થયું ત્યાં તો ડોશીની નજર રસોડા તરફ પડી. ત્યાં એક બીલાડી ધીમા પગલે દૂધની તપેલી ભણી જઈ રહી હતી, એટલે ડોશી ' છી છી ' કરતી ઊભી થઈ અને રસોડામાં બધું આઘું-પાછું કરીને કથા સાંભળવા બેઠી. હવે શાસ્ત્રીજીએ ફરીને શરૂઆત

કરી કે ' भीष्म उवाच ' એટલામાં ડોશીનું ધ્યાન પાસેની ગમાણુ પર પડયું. ત્યાં વાછડો છૂટી ગયો હતો, તેથી ' છુ છુ ' કરતા ડોશી ઊભા થયા અને વાછડાને ઠેકાણે બાંધ્યો. ત્યાંથી આવીને ફરીને કથા સાંભળવા બેઠા. એટલે શાસ્ત્રીજીએ કહ્યું કે ' भीष्म उवाच ' પરંતુ ડોશીને કંઈ ચેન ન હતું. આ વખતે તેની નજર છાપરા ભણી ગઈ, ત્યાં એક કાગડો બેઠો બેઠો કા–કા કરી રહ્યો હતો એટલે ડોશી ઊભા થયા અને હાથમાં લાકડી લઇને તેને ઉડાડયો. પાછા ડોશી પોતાના ઠેકાણે આવીને કથા સાંભળવા બેઠા અને શાસ્ત્રીજીએ ' भीष्म उवाच ' એ વાકયથી ફરી શરુઆત કરી. પરંતુ તે જ વખતે કોઈ ભિખારી ત્યાં ચડી આવતાં ડોશીનું ધ્યાન તે તરફ ગયું અને તેઓ એને તગડી મૂકવાને ઉઠયા. આ રીતે લગભગ એક પહોર વ્યતીત થઇ ગયો પણ શાસ્ત્રીજી ' भीष्म उवाच ' થી એક પણ પદ વધારે વાંચી શકયા નહિ. આથી કંટાળી તેઓ બીજા દિવસે આવ્યા જ નહિ. તાત્પર્ય કે જેમનું ચિત્ત વ્યવસ્થિત નથી અને અનેક વસ્તુઓમાં ભમ્યા કરે છે તેને ધર્મનો ઉપદેશ આપવો નકામો છે.

## બહેરા કુટુંબનું દષ્ટાંત.

પૂરક નામના ગામમાં ડોસો, ડોસી, પુત્ર અને પુત્રની વહૂ એમ ચાર જણાનું કુટુંબ બહેરું હતું. તેમાં પુત્ર હળ હાંકતો હતો. તેને એક વાર કોઇ મુસાફરોએ પૂછયું કે ' ભાઈ! આ માર્ગ કઈ તરફ જાય છે ? ' ત્યારે તેણે જવાબ આપ્યો કે ' આ બળદો મારે ઘેર જન્મેલા છે. ' મુસાફરોએ કહ્યું કે ' અમે બળદની વાત પૂછતા નથી, પણ માર્ગ સંબંધી પૂછીએ છીએ. ' ત્યારે તેણે જવાબ આપ્યો કે ' એ વાત આખું ગામ જાણે છે.

જો તમને ખાતરી ન થતી હોય તો ગામમાં જઈને પૂછી જુઓ.' આ જવાબથી મુસાફરો સમજી ગયા કે આ માણસ બહેરો છે. એટલે તેઓ ચાલ્યા ગયા.

એવામાં તેની પત્ની ભાત લઈને આવી, ત્યારે તે કહેવા લાગ્યો કે 'આજે તો બળદને આંકયા છે.' એ સાંભળીને પત્નીએ કહ્યું કે 'કઢી ખારી છે કે મોળી એ વાત તમારી મા જાણે, કારણ કે મીઠું એમણે નાખ્યું છે.' ત્યારે પેલાએ કહ્યું કે 'આજે કેટલાક માણસો આવીને આપણા બળદ માટે પૂછપરછ કરતા હતા, પણ મેં તેમને હાંકી કાઢયા છે.' તે સાંભળીને પત્નીએ કહ્યું કે 'સાસુ બેઠા હોય ત્યાં વહૂનું શું ચાલે ?'

વહૂએ ઘેર આવીને સુતર કાંતી રહેલી સાસુને કહ્યું કે 'તમારા પુત્ર આજે કઢી ખારી થઈ છે, એમ કહેતા હતા.' એ સાંભળીને ડોશીએ કહ્યું કે 'સુતર ભલે ગમે તેવું કંતાય પણ તેનું ડોસાને માટે વસ્ત્ર વણાશે.' એટલે વહૂએ કહ્યું કે મેં તેમને એવો જવાબ આપ્યો કે 'એમાં મારું શું ચાલે ? હું ગમે તેમ તો યે વહૂ ગણાઉં.' ડોશીએ કહ્યું કે 'હવે ડોસાને ઝીણાં કપડાં પહેરવાનો વખત નથી.'

ડોસો તલની રખેવાળી કરતો હતો તે ઘેર આવ્યો એટલે ડોસીએ તેને કહ્યું કે 'વહુ આજે એમ કહેતી હતી કે આ સૂતર જાડું કંતાય છે.' એ સાંભળી ડોસાએ કહ્યું કે 'એ વાત ખોટી છે. મેં તલ ખાધા નથી.' ડોસીએ કહ્યું: 'મેં એના જવાબમાં સાફ કહી દીધું કે હવે ઝીણાં કપડાં પહેરવાનો

વખત ગયો.' ત્યારે ડોસાએ કહ્યું કે 'જો એમ જ હોય તો હું આજથી તલની રખેવાળી કરવાનો નથી. તમે જાણો ને તમારા તલ જાણે. એક તો બરાબર કામ કરવું ને બીજી બાજુ આક્ષેપ સાંભળવા, તે મારાથી નહિ જ બની શકે.'

તાત્પર્ય કે–'કહેવાય કંઈ ને સંભળાય કંઈ.' ત્યાં ધર્મનો ઉપદેશ સફળ થવાનો સંભવ હોતો નથી. તેથી જ ગુરુઓ યોગ્યને યોગ્ય ધર્મોપદેશ આપે છે.

## ઉપસંહાર

આ રીતે પંચમહાવ્રતને ધારણ કરનાર, બાવીશ પરીષહોને જીતનાર, નિર્દોષ ભિક્ષાવડે આજીવિકા ચલાવનાર, સઘળી પાપમય પ્રવૃત્તિઓથી દૂર રહેનાર અને ધર્મનો ઉપદેશ કરનાર હોય તે જ ગુરુ થવાને યોગ્ય છે.

આવા ગુરુઓનું શરણ સ્વીકારવાથી જ જન્મ, જરા અને મૃત્યુ ટળે છે તથા માનવભવનો ફેરો ફળે છે.

**સદ્ગુરુને સદા વંદન હો!**

## કુસંગતિનાં માઠાં ફળ

दुर्जनेन समं सख्यं, प्रीतिं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ॥

અર્થઃ—દુર્જનની સાથે મૈત્રી કે પ્રીતિ પણ કરવી યોગ્ય નથી કારણ કે અંગારો ઉનો હોય તો તે બાળે છે અને ઠંડો હોય તો તે હાથને કાળા કરે છે.

અર્થાત્ અંગારા જેવો દુર્જન માણસ રીઝે અથવા ખીજે તો તે બંને પ્રકારે દુઃખદાયી છે.

## સત્સંગતિનાં મીઠાં ફળ

कीटोऽपि सुमनःसङ्गादारोहति सतां शिरः ।
अश्माऽपि याति देवत्वं, महद्भिः सुप्रतिष्ठितः ॥

અર્થઃ—કીડો પણ પુષ્પના સંગથી સત્પુરુષોના મસ્તક પર ચડે છે અને મહાપુરુષે પ્રતિષ્ઠા કરેલો પત્થર પણ દેવપણાને પામે છે.

## એક અણમોલ તક

**માનવજીવનના મહાપ્રશ્નોનો આબાદ ઉકેલ કરતી,**
**જગત્ અને જીવનને જોવાની સાચી દૃષ્ટિ રજૂ કરતી,**
**સુખ, શાંતિ અને સામર્થ્યપ્રાપ્તિનો સાચો રાહ બતાવતી,**
**જૈનધર્મની પરમપવિત્ર વિચારધારાઓને**

## 'ધર્મબોધ–ગ્રંથમાળા'

નવીન ઢંગે, નૂતન રૂપે, સુંદર શૈલીમાં, રોચક ભાષામાં તમારી સમક્ષ રજૂ થાય છે.

૧ આ ગ્રંથમાળા સિદ્ધહસ્ત લેખકોના હાથે, પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી 'ધર્મવિજયજી મહારાજ' તથા 'મુનિશ્રી યશોવિજયજી મહારાજ' વગેરેની સીધી રાહબરી નીચે તૈયાર થાય છે.

૨ ક્રાઉન સોળ પેજી ૮૦ પાનાં, સુંદર ટાઈપ, સારા કાગળ અને સુઘડ પુંઠાઓમાં તેનું દરેક પુસ્તક તૈયાર થશે.

૩ આ ગ્રંથમાળામાં હાલ નીચેના ૨૦ પુસ્તકો પ્રગટ થશે ને સવાથી દોઢ વર્ષના ગાળામાં પાંચ પાંચના ચાર ગુચ્છમાં બહાર પડશે.

૪ દરેક પુસ્તકની છૂટક કિંમત દસ આના રહેશે, જ્યારે પૂરા સેટની કિંમત અગિયાર રૂપિયા રહેશે.

### પુસ્તકોનાં નામ

૧ ત્રણ મહાન તકો
૨ સફળતાની સીડી [ પુરુષાર્થ ]
૩ સાચું અને ખોટું [ સ્યાદ્વાદ ]
૪ આદર્શ દેવ [ સુદેવ ]
૫ ગુરુદર્શન [ સુગુરુ ]
૬ ધર્મામૃત [ સુધર્મ ]
૭ શ્રદ્ધા અને શક્તિ
૮ જ્ઞાનોપાસના
૯ ચારિત્ર વિચાર
૧૦ દેતાં શીખો [ દાન ]
૧૧ શીલ અને સૌભાગ્ય [ શીલ ]
૧૨ તપનાં તેજ [ તપ ]
૧૩ ભાવનાસૃષ્ટિ [ ભાવ ]
૧૪ પાપનો પ્રવાહ [ ૧૮ પાપસ્થાનક ]
૧૫ બે ઘડી યોગ [ સામાયિક ]
૧૬ મનનું મારણ [ ધ્યાન ]
૧૭ પ્રાર્થના અને પૂજા [ આવશ્યક ક્રિયા ]
૧૮ ભક્ષ્યાભક્ષ્ય
૧૯ જીવનવ્યવહાર
૨૦ દિનચર્યા

**આ ગ્રંથમાળાનું લવાજમ નીચેનાં ઠેકાણે ભરી શકાશે,**

(૧) **શા. લાલચંદ નંદલાલ**, ઠે. રાવપુરા, ઘી કાંટા, વડફળીઆ–**વડોદરા.**

(૨) **મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**, ઠે. ગુલાલવાડી, કીકા સ્ટ્રીટ, ગોડીજીની ચાલ નં. ૧ **મુંબઈ.**

(૩) **સરસ્વતી પુસ્તક ભંડાર**, ઠે. રતનપોળ, હાથીખાના–**અમદાવાદ.**

તા. કઃ–દરેક જૈન કુટુંબમાં આ પુસ્તકો હોવાં જ જોઈએ. અન્ય ધર્મીઓને જૈન ધર્મના સિદ્ધાંતોથી વાકેફ થવા માટે પણ આ પુસ્તકો અતિ ઉપયોગી થશે.